RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

# NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 234* Date: 21.06.2022 Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કેન્દ્ર સરકારની આ નવી યોજના સામે બિહારમાં સૌથી વધુ વિરોધ જોવા મળ્યો

# અગ્નિપથના વિરોધમાં અપાયેલા ભારત બંધની અસર માત્ર ઉત્તરનાં રાજ્યોમાં જોવા મળી

નવીદિલ્હી,તા.૨૦

અગ્નિપથના વિરોધમાં આજે અપાયેલા ભારત બંધના એલાનને પગલે તમામ રાજ્યોમાં પોલીસને એલર્ટ આપવામાં આવ્યું છે અને લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે તેમ છતાં વિરોધ પ્રદર્શન ચાલુ જ રહ્યો છે. અગ્નિપથ યોજનાના વિરોધમાં આપવામાં આવેલ બંધની અસર ઉત્તરના રાજયોમાં જોવા મળી હતી.



કેન્દ્ર સરકારની આ નવી યોજના સામે બિહારમાં સૌથી વધુ વિરોધ જોવા મળ્યો છે. કેટલાક સંગઠનોએ આજે ભારત બંધની જાહેરાત પણ કરી છે. મુખ્ય વિપક્ષી દળ કોંગ્રેસે પણ ભારત બંધનું સમર્થન કર્યું છે અગ્નિપથ યોજનાના વિરોધમાં પ્રદર્શન કરી રહેલા યૂથ કોંગ્રેસના કાર્યકરોએ દિલ્હીના તિલક બ્રિજ રેલવે સ્ટેશન પર ટ્રેન રોકી. જો કે ફોર્સે તેમને તરત હટાવી દીધા અને ટ્રેનોની અવરજવર ફરી શરૂ કરી. અગ્નિપથ વિરુદ્ધ થઈ રહેલા પ્રદર્શનોને પગલે ટ્રાફિક જામ થયાના અહેવાલો આવી રહ્યા છે. જેમાં નોઈડાથી દિલ્હીને જોડતા રસ્તા પર ટ્રાફિક જામ છે. નોઈડા એક્સપ્રેસ વે પર મહામાયા પુલથી લઈને નોઈડા ગેટ સુધી લગભગ ૨ કિમી સુધી લાંબો ટ્રાફિક જામ થઇ ગયો હતો આ બાજુ દિલ્હી-ગુરુગ્રામ બોર્ડર ઉપર પણ ટ્રાફિકની સ્થિતિ ખરાબ જોવા મળી હતી. દિલ્હી તરફ જઈ રહેલી ગાડીઓનું કડકાઈથી ચેકિંગ થઈ રહ્યું હતું જેને પગલે ટ્રાફિક જામ થયો હતો

કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે ટ્વીટ કરીને કહ્યું કે દેશભરમાં કોંગ્રેસના લાખો કાર્યકરો યુવા વિરોધી અગ્નિપથ યોજના વિરુદ્ધ અને પોતાના નેતા તથા સાંસદ રાહુલ ગાંધીને નિશાન બનાવનારી મોદી સરકારની બદલાની રાજનીતિ સામે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન ચાલુ રાખશે. તેમણે એમ પણ કહ્યું કે કોંગ્રેસનું એક પ્રતિનિધિ મંડળ રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી રજુઆત કરી છે

ભારત બંધ દરમિયાન બિહારના ૨૦ જિલ્લામાં ઈન્ટરનેટ સેવા બંધ રહ્યાં હતાં સીએમ નીતિશકુમારે આજનો જનતા દરબાર કાર્યક્રમ પણ રદ કર્યો છે. બિહારમાં સાવચેતીના ભાગરૂપે ખાનગી શાળાઓ અને કોલેજો પણ આજે બંધ રાખવામાં આવી છે.બિહાર સરકારના જણાવ્યા અનુસાર, અગ્નિપથ યોજનાનો વિરોધ કરી રહેલા લગભગ ૮૦૪ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ પ્રશાસને આજે સાવચેતીના ભાગરૂપે ૨૦ જિલ્લામાં ઈન્ટરનેટ સેવાઓ બંધ કરાવી દીધી છે. અગ્નિપથ યોજના વિરુદ્ધ આ બંધનું એલાન સેનામાં નોકરીની કોશિશ કરી રહેલા અભ્યર્થીઓએ બોલાવ્યું છે. વિપક્ષે પણ ભારત બંધનું મૂક સમર્થન કર્યું છે.ભારત બંધને ધ્યાનમાં રાખી બિહાર યુપી ઝારખંડ સહિત અનેક રાજયોમાં તમામ સ્કુલો બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો હતે.બિહાર અને યુપીમાં ભારત બંધ દરમિયાન તમામ પ્રાઈવેટ અને સરકારી સ્કુલો અને કોલેજો બંધ રહી હતી. ઝારખંડમાં સ્કુલો અને વેપારી સંસ્થાનો બંધ રહેવા પામી હતી.ઉત્તરના રાજયોમાં આજ સવારથી જ યુવાનો માર્ગો ઉપર ઉતરી આવ્યા હતાં અને સરકારની સામે વિરોધ પ્રદર્શન કર્યા હતાં. યુવાનોએ માર્ગો પર ઉતરીને દુકાનો,વેપારી સંસ્થાનો વાહન વ્યવહાર બંધ કરાવ્યા હતાં જયારે કેટલાક રાજયોમાં યુવાનો અને પોલીસ વચ્ચે ઝપાઝપી થઇ હતી.પોલીસે યુવાનોને હટાવવા માટે લાઠીચાર્જ પણ કર્યો હતો.બિહારમાં બંધની સારી એવી અસર જોવા મળી હતી. અહીં તમામ વિરોધ પક્ષોએ ભારત બંધને સમર્થન આપ્યું હતું માર્ગો ઉપર વાહનો દોડી રહ્યાં ન હતાં જયારે દુકાનો પાનના ગલ્લા સહિતની મોટાભાગની દુકાનો બંધ નજરે પડી રહી હતી માર્ગો પર વાહનો જોવા મળી રહ્યાં ન હતાં.ઝારખંડમાં પણ આવી જ સ્થિતિ જોવા મળી હતી.હરિયાણામાં પણ યુવાનો સવારથી જ માર્ગો ઉપર ઉતરી આવ્યા હતાં. બિહાર, યુપી, હરિયાણા સહિત દેશના ઘણા રાજયોમાં અગ્નિપથ યોજનાનો વિરોધ ચાલી રહ્યો હોવા છતાં આજે અગ્નિવીરોની ભરતી માટે નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. નોટિફિકેશન મુજબ ઓનલાઈન રજીસ્ટ્રેશન જુલાઈથી શરૂ થશે. આ ભરતીમાં ૮મા, ૧૦મા અને ૧૨મા પાસ લોકોને અલગ-અલગ તક મળશે. ૮ પાસ લોકોને અગ્નિવીર ટ્રેડ્સમેન બનવાની તક મળશે. ાોટિફિકેશન અનસાર જો તમે અગ્નિવીર જનરલ ડ્યુટી માટે અરજી કરવા માંગો છો, તો ઓછામાં ઓછા ૪૫ ટકા માર્ક્સ સાથે ૧૦મું પાસ હોવું જરૂરી છે.આ સિવાય તમામ વિષયોમાં ૩૩% માર્ક્સ હોવા જરૂરી છે.આટલું જ નહીં, જે બોર્ડના વિદ્યાર્થીઓએ ગ્રેડ સિસ્ટમ ધરાવે છે, તેઓ ઓછામાં ઓછા ડી ગ્રેડ મેળવે તે જરૂરી છે. આ સિવાય ૧૨મું પાસ વિદ્યાર્થીઓ અગ્નિવીર ટેક માટે અરજી કરી શકે છે. આ માટે જરૂરી છે કે ૧૨મામાં તેમની પાસે વિષય તરીકે પીસીએમ હોવો જોઈએ. જ્યારે કોઈપણ સ્ટ્રીમમાંથી ૧૨ પાસ વિદ્યાર્થીઓ અગ્નિવીર ક્લાર્ક અને સ્ટોરકીપરની પોસ્ટ માટે અરજી કરી શકે છે. એટલું જ નહીં, ૮ અને ૧૦ પાસ કરેલા લોકોને પણ અગ્નિવીર ટ્રેડ્સમેન બનવાની તક મળશે.

## અગ્નિપંથ યોજના પસંદ નથી તો સેનામાં સામેલ ન થાવ,કોઈ જબરજસ્તી નથી : વી કે સિંહ

નાગપુર,તા.૨૦

અગ્નિપથ યોજનાને લઇ થયેલી હિંસાની વચ્ચે કેન્દ્રીય મંત્રી અને સેનાના પૂર્વ પ્રમુખ જનરલ વી કે સિંહ (સેવાનિવૃત)એ પ્રદર્શનકારીઓની ટીકા કરતા કહ્યું કે જો તેમને સશસ્ત્ર દળોમાં ભરતીની નવી નીતિ પસંદ નથી તો તે સશસ્ત્ર દળોમાં સામેલ ન થાય અને તેના માટે કોઇ જબરજસ્તી નથી.મહારાષ્ટ્રના નાગપુરમાં એક કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ સિંહ પત્રકારો સાથે વાતચીત કરી રહ્યાં હતાં કે ભારતીય સેના જબરજસ્તી સૈનિકોની ભરતી કરતી નથી અને ઈચ્છુક આકાંક્ષી પોતાની મરજીથી તેમાં સામેલ થઇ શકે છે.

તેમણે કહ્યું કે સેનામાં સામેલ થવું સ્વૈચ્છિક છે અને આ કોઇ મજબુરી નથી જો કોઇ આકાંક્ષી સામેલ થવા ઈચ્છે તો તે પોતાની ઈચ્છા અનુસાર સામેલ થઇ શકે છે અમે સૈનિકોની જબરજસ્તી ભરતી કરતા નથી પરંતુ જો તમને આ ભરતી યોજના(અગ્નિપથ) પસંદ નથી તો તેમાં (સામેલ થવા) માટે આવો નનહીં તમને આવવા માટે કોણ કહી રહ્યું છે. અગ્નિપથ યોજનાની વિરૂધ્ધ કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીના નિવેદનને લઇ વિરોધ પક્ષ પર નિશાન સાધતા સિંહે આરોપ લગાવ્યો કે સૌથી જુની પાર્ટી કેન્દ્ર સરકારના સૌથી સારા કામમાં પણ દોષ કાઢી રહી છે કારણ કે આ ઈડી દ્વારા રાહુલ ગાંધીથી કરવામાં આવી રહેલ પુછપરછથી નારાજ છે. તેમણે કોંગ્રેસ પર યુવાનોને ગુમરાહ કરવાનો અને દેશમાં અશાંતિ પેદા કરવાનો પ્રયાસ કરવાનો પણ આરોપ લગાવ્યો કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ જણાવ્યું હતું કે અગ્નિપથ યોજના યુવાનો અને સેના માટે વિનાશકારી સાબિત થશેસિંહે કહ્યું હતું કે વિરોધ પક્ષ પાસે ફકત એક જ કામ બચ્યું છે તે છે કોઇ પણ સરકારી યોજનાની ટીકા કરવી અને તેને રોકવી તે સરકારને બદનામ કરવા માટે દેશમાં અશાંતિ પેદા કરવા ઈચ્છે છે. સિંહે કહ્યું કે અગ્નિપથ યોજનાની અવધારણાની કલ્પના ૧૯૯૯ના યુધ્ધ બાદ કારગિલ સમિતિની રચના સમયે કરવામાં આવી હતી.તેમણે કહ્યું કે ભારતના યુવાનો અને અન્ય નાગરિકો માટે અનિવાર્ય સૈન્ય પ્રશિક્ષણની માંગ ગત ૩૦થી ૪૦ વર્ષોથી કરવામાં આવી રહી છે.તેમણે કહ્યું કે અજીતમાં કહેવામાં આવ્યું હતું કે પ્રશિક્ષણ એનસીસીના માધ્યમથી આપી શકાય છે પરંતુ સૈન્ય પ્રશિક્ષણની માંગ હંમેશાથી હતી.તેમણે કહ્યું કે સેના ન તો રોજગાર એજન્સી છે અને ન કોઇ કંપની કે દુકાન તેમણે કહ્યું કે લોકો દેશની સેવા માટે પોતાની રૂચિથી સેનામાં સામેલ થાય છે.

### ઓનલાઈન રજીસ્ટ્રેશન જુલાઈથી શરૂ થશે

## અગ્નિવીરોની ભરતી માટે નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું

નવીદિલ્હી,તા.૨૦

બિહાર, યુપી, હરિયાણા સહિત દેશના ઘણા રાજયોમાં અગ્નિપથ યોજનાનો વિરોધ ચાલી રહ્યો હોવા છતાં આજે અગ્નિવીરોની ભરતી માટે નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે.તમે ભારતીય સેનાની વેબસાઈટ joinindianarmy.nic.in પર જઈને આ સૂચના ડાઉનલોડ કરીને માહિતી મેળવી શકો છો. નોટિફિકેશન મુજબ ઓનલાઈન રજીસ્ટ્રેશન જુલાઈથી શરૂ થશે. આ ભરતીમાં ૮મા, ૧૦મા અને ૧૨મા પાસ લોકોને અલગ-અલગ તક મળશે. ૮ પાસ લોકોને અગ્નિવીર ટ્રેડ્સમેન બનવાની તક મળશે.

નોટિફિકેશન અનસાર જો તમે અગ્નિવીર જનરલ ડ્યુટી માટે અરજી કરવા માંગો છો, તો ઓછામાં ઓછા ૪૫ ટકા માર્ક્સ સાથે ૧૦મું પાસ હોવું જરૂરી છે.આ સિવાય તમામ વિષયોમાં ૩૩% માર્ક્સ હોવા જરૂરી છે.આટલું જ નહીં, જે બોર્ડના વિદ્યાર્થીઓએ ગ્રેડ સિસ્ટમ ધરાવે છે, તેઓ ઓછામાં ઓછા ડી ગ્રેડ મેળવે તે જરૂરી છે. આ સિવાય ૧૨મું પાસ વિદ્યાર્થીઓ અગ્નિવીર ટેક માટે અરજી કરી શકે છે. આ માટે જરૂરી છે કે ૧૨મામાં તેમની પાસે વિષય તરીકે પીસીએમ હોવો જોઈએ. જયારે કોઈપણ સ્ટ્રીમમાંથી ૧૨ પાસ વિદ્યાર્થીઓ અગ્નિવીર ક્લાર્ક અને સ્ટોરકીપરની પોસ્ટ માટે અરજી કરી શકે છે. એટલું જ નહીં, ૮ અને ૧૦ પાસ કરેલા લોકોને પણ અગ્નિવીર ટ્રેડ્સમેન બનવાની તક મળશે.

અગ્નિવીરોની સેવાનો સમયગાળો ૪ વર્ષનો રહેશે. આર્મી એક્ટ ૧૯૫૦ હેઠળ તેમની ભરતી કરવામાં આવશે અને જરૂર પડ્યે દેશમાં ગમે ત્યાં પોસ્ટ કરી શકાશે. અગ્નવીર બનનાર કોઈપણ યુવકને પેન્શન અને ગ્રેચ્યુઈટી નહીં મળે. તેમનો કાર્યકાળ નોંધણી સાથે શરૂ થશે. ભારતીય સેનામાં અગ્નિવીરોની અલગ રેક્ર હશે. અગ્નિવીરોની નિશ્ચિત ફરજ ગમે ત્યારે બદલી શકાય છે. અગ્નિવીરોને જરૂરિયાત મુજબ કોઈપણ રેજિમેન્ટ અને યુનિટમાં તૈનાત કરી શકાય છે. આ સિવાય કોઈપણ પ્રદેશમાં ટ્રાન્સફર કરી શકાય છે. તાલીમ સહિત અગ્નિવીરોની સેવાનો સમયગાળો ૪ વર્ષનો રહેશે. જે બાદ તેમને સેના તરફથી ૧૧ લાખ રૂપિયાના સર્વિસ ફંડ પેકેજ સાથે વિદાય આપવામાં આવશે. આ ૧૧ લાખ રૂપિયામાંથી ૫ લાખ રૂપિયાની રકમ તેમની સેવા દરમિયાન મળેલા પગારના હિસ્સામાંથી કાપવામાં આવશે. આ ઉપરાંત, સરકાર દ્વારા સમાન રકમ જમા કરવામાં આવશે અને તેના વ્યાજને ઉમેરીને, કુલ રકમ ૧૧ લાખ રૂપિયા થશે. અગ્નિવીરોને ભૂતપૂર્વ સૈનિકો માટે એક્સ-સર્વિસ મેન હેલ્થ સ્કીમનો લાભ મળશે નહીં. આ સિવાય કેન્ટીનની સુવિધા અને ભૂતપૂર્વ સૈનિકનો દરજ્જો પણ ઉપલબ્ધ રહેશે નહીં. આ સિવાય ઑફિશિયલ સિક્રેટ એક્ટ, ૧૯૨૩ હેઠળ, તેઓ સેવા દરમિયાન સેના વિશેની કોઈપણ સંવેદનશીલ માહિતી કોઈને પણ શેર કરી શકશે નહીં.

માત્ર ૨૫ ટકા અગ્નિવીરોને ૪ વર્ષની સેવા પછી નિયમિત સૈનિક તરીકે પસંદ કરવામાં આવશે. જો કે, અગ્નવીર બનનાર કોઈપણ વ્યક્તિને તેની પસંદગી કરવાનો અધિકાર નથી. તે સંપૂર્ણપણે ભારતીય સેનાના મેન્યુઅલ અને પરીક્ષણ પર નિર્ભર રહેશે. અગ્નવીર બનનારા લોકો માટે નોટિફિકેશનમાં મોટી જાહેરાત કરવામાં આવી છે કે હવે તેમાંથી નિયમિત સૈનિકોની ભરતી કરવામાં આવશે.

અગ્નિવીરોને પ્રથમ વર્ષમાં દર મહિને રૂ. ૩૦,૦૦૦નો પગાર મળશે. ભથ્થાં અલગ હશે. બીજા વર્ષે ૩૩,૦૦૦ પ્રતિ માસ પગાર અને ભથ્થા અલગથી આપવામાં આવશે. ત્રીજા વર્ષે અગ્નિવીરોનો પગાર વધીને રૂ. ૩૬,૫૦૦ થશે. ચોથા અને અંતિમ વર્ષમાં અગ્નિવીરોનો પગાર મહિને ૪૦,૦૦૦ રૂપિયા થશે.

અગ્નિવીર તરીકે કામ કરતા લોકોને ૪૮ લાખ રૂપિયાનું વીમા કવચ મળશે. કોઈપણ અકસ્માતના કિસ્સામાં તેમને આ લાભ મળશે. આ સિવાય કમનસીબે જો તેઓ સેવાના સમયગાળા દરમિયાન શહીદ થાય છે તો પરિવારને ૧ કરોડ રૂપિયાનું ફંડ મળશે.

## મહિન્દ્રા ગ્રૂપે આર્મીમાં ચાર વર્ષની સેવા બાદ 'અગ્નિવીર'ની ભરતીની જાહેરાત કરી

નવીદિલ્હી,તા.૨૦

મહિન્દ્રા ગ્રૂપે આર્મીમાં ચાર વર્ષની સેવા બાદ 'અગ્નિવીર'ની ભરતીની જાહેરાત કરી છે. ઉદ્યોગપતિ આનંદ મહિન્દ્રાએ ટ્વીટ કરીને આ જાણકારી આપી છે. તેમણે 'અગ્નિપથ' યોજના પર ચાલી રહેલી હિંસા અંગે દુઃખ વ્યક્ત કર્યું. આ સાથે તેમણે અગ્નિવીરોને મળેલી તાલીમને વિશેષ ગણાવી છે. દેશના ઘણા રાજ્યોમાં આ યોજનાનો વિરોધ ચાલુ છે. અનેક સંગઠનોએ સોમવારે ભારત બંધનું એલાન આપ્યું છે.

મહિન્દ્રાએ ટ્વીટ કર્યું, "અગ્નિપથ કાર્યક્રમને લઈને ચાલી રહેલા વિરોધથી દુઃખી છું. ગયા વર્ષે જ્યારે આ યોજના અંગે વિચારણા કરવામાં આવી હતી, ત્યારે મેં કહ્યું હતું અને મેં પુનરોચ્ચાર કર્યો હતો કે અગ્નિવીર જે શિસ્ત અને કૌશલ્ય શીખશે તે તેને ખાસ કરીને રોજગારીયોગ્ય બનાવશે. મહિન્દ્રા ગ્રુપ આવા પ્રશિક્ષિત, સક્ષમ યુવાનોની ભરતી કરવાની આ તકને આવકારે છે.

ખાસ વાત એ છે કે ભૂતકાળમાં ઘણા વિરોધીઓએ અગ્નિવીરોના ભવિષ્ય પર સવાલ ઉઠાવ્યા છે. નવી સિસ્ટમ હેઠળ, અગ્નિપથ દ્વારા ભરતી થયેલા અગ્નિવીરોને ચાર વર્ષ સુધી સેનામાં સેવા કરવાની તક મળશે. જો કે આ સમયગાળા બાદ સેનાએ ૨૫ ટકા સૈનિકોની સેવા વિસ્તારવાની વાત કરી છે. અગાઉ સૈનિકો ૨૦ વર્ષનો કાર્યકાળ પૂરો કરતા હતા.

ભારતીય સેનાએ રવિવારે 'અગ્નિપથ સેનાભારતી યોજના' હેઠળ સેનામાં જોડાવા માંગતા અરજદારો માટે માર્ગદર્શિકા અને અન્ય સંબંધિત માહિતી જારી કરી હતી. સેનાએ કહ્યું કે 'અગ્નવીર' ભારતીય સેનામાં એક અલગ કેટેગરી હશે જે હાલના રેક્રથી અલગ હશે અને તેને કોઈપણ રેજિમેન્ટ અથવા યુનિટમાં પોસ્ટ કરી શકાય છે.

## ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૨,૭૮૧ કેસ નોંધાયા

નવીદિલ્હી,તા.૨૦

છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૧૨,૭૮૧ કેસ નોંધાયા છે. દેશવ્યાપી રસીકરણ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં ૧૯૬.૧૮ કરોડ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. ભારતમાં હાલમાં ૭૬,૭૦૦ સક્રિય કેસ છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને કારણે ૧૮ લોકોના મોત થયા છે. રિકવરી રેટ હાલમાં ૯૮.૬૧% છે. છેલ્લા ૨૪ કલાકમાં ૮,૫૩૭ લોકો કોરોનાથી સાજા થયા છે. આ સાથે, કોરોનાથી સાજા થનારા લોકોની સંખ્યા વધીને ૪,૨૭,૦૭,૯૦૦ થઈ ગઈ છે.

દૈનિક હકારાત્મકતા દર ૪.૩૨% છે. જ્યારે પોઝીટીવીટી રેટ ૨.૬૨% છે. અત્યાર સુધીમાં કુલ ૮૫.૮૧ કરોડ કોરોના ટેસ્ટિંગ કરવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨,૯૬,૦૫૦ કોરોના પરીક્ષણ કરવામાં આવ્યા છે. જણાવી દઈએ કે ગઈકાલે એટલે કે રવિવારે કોરોનાના ૧૨,૮૯૯ નવા કેસ નોંધાયા હતા.

મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં કોવિડ-૧૯ના ૮૩૭ નવા કેસ સામે આવ્યા બાદ અત્યાર સુધીમાં કુલ સંક્રમિત લોકોની સંખ્યા વધીને ૭,૧૮,૮૮૪ થઈ ગઈ છે. એક અધિકારીએ રવિવારે આ જાણકારી આપી. તેમણે કહ્યું કે શનિવારે નવા કેસ સામે આવ્યા છે. અધિકારીના જણાવ્યા અનુસાર, જિલ્લામાં કોવિડ-૧૯થી મૃત્યુઆંક ૧૧,૮૯૮ રહ્યો છે.

## જમ્મુ કાશ્મીર : કુપવાડામાં બીજા બે આતંકવાદી ઠાર, ૧૮ કલાકમાં ૩ અથડામણમાં ૭ આતંકવાદી ઢેર

શ્રીનગર,તા.૨૦

જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓ સામે કાર્યવાહી સતત ચાલી રહી છે. કુપવાડામાં એક્રાઉન્ટરમાં સુરક્ષાબળોએ બે બીજા આતંકવાદીઓને ઠાર કર્યા છે. અહીં અત્યાર સુધી ચાર આતંકવાદીઓ ઢેર કરવામાં આવ્યા છે. રવિવારે ભારે ગોળીબારી વચ્ચે બે પાકિસ્તાની આતંકવાદીને ઠાર કર્યા હતા. કુપવાડા સિવાય કુલગામ અને પુલવામાં પણ અથડામણ થઈ છે. પ્રસાર ભારતીના મતે છેલ્લા ૧૮ કલાકમાં ૩ અથડામણમાં ૭ આતંકવાદી માર્યા ગયા છે. કુપવાડામાં લશ્કરના ૪, કુલગામમમાં જૈશના ૨ અને પુલવામામાં લશ્કરનો એક આતંકવાદી માર્યો ગયો છે.

કાશ્મીરમા આઈજી વિજય કુમારે જણાવ્યું કે સોમવારે સવારે કુપવાડામાં જે ૨ આતંકી માર્યા ગયા તેમાંથી એક પાકિસ્તાની અને બીજો શોપિયોની રહેવાસી સ્થાનીય આતંકવાદી હતો. તેમણે જણાવ્યું કે રવિવારથી અત્યાર સુધી કુલ ૭ આતંકવાદી માર્યા ગયા છે. જેમાં ૩ પાકિસ્તાની હતા. કુપવાડા અને પુલવામામાં અભિયાન ખતમ થઈ ચુક્યું છે. કુલગામમમાં તલાશી અભિયાન ચાલી રહ્યું છે.

કાશ્મીર ઝોન પોલીસે ટ્વિટ કરીને જણાવ્યું કે કુપવાડા એક્રાઉન્ટરમાં માર્યા ગયેલા બે આતંકીઓમાં શૌકતનું નામ પણ સામેલ છે. સ્થળ પરથી હથિયાર, ગોળા બારુદ સાથે આપત્તિજનક સામગ્રી પણ મળી છે. તલાશી અભિયાન ચાલી રહ્યું છે. આ સિવાય કુલગામ અને પુલવામાં પણ રવિવારે ત્રણ આતંકી ઠાર કરવામાં આવ્યા છે. પોલીસ મહાનિરીક્ષક (કાશ્મીર) વિજય કુમારે જણાવ્યું કે કુપવાડામાં માર્યા ગયેલા એક આતંકવાદીની ઓળખ પાકિસ્તાની નાગરિકના રૂપમાં થઈ છે. જેનો સંબંધ લશ્કરે-એ-તૈયબા સાથે છે. બીજો આતંકી પણ લશ્કરનો બતાવવામાં આવી રહ્યો છે.

## તંત્રી સ્થાનેથી...

### પ્રજા ભિંસાઈ રહી છે, નેતૃત્વ કેમ શાંત છે ? દેશનો સોહાર્દભાવ ક્યાં ? વડાપ્રધાન ચૂપ કેમ છે ?

*એક જાણીતી કહેવત છે 'ભૂખ્યા પેટે ભજન ન થાય' તે જ રીતે ખીસ્સાનો ભાર રોજ હળવો થતો હોય, બજેટ બગડી રહ્યું હોય, વેકેશનના દિવસો ટૂંકાવી દેવા પડતા હોય તો દેશદાઝ ન સૂઝે ! પ્રથમ મહિનાના બજેટને કેમ બેલેન્સ કરવું ? તેવી રીતે આવક વધે તે વિચારવું કે દેશપ્રેમ ને દેશભક્તિના ગીતો ગાયા કરવા.*

*અધ્યાત્મના વિશ્વમાં સ્પષ્ટપણે કહેવાયું છે કે તમારું ધ્યાન ભોજનમાં (ભૂખને કારણે) હોય તો તમારું મન ભજનમાં (ભક્તિભાવ) ન જ લાગે. આ જ નિયમ દેશદાઝને સ્પર્શતી બાબતમાં લાગુ પડે છે. દેશહિતમાં વ્યક્તિ ક્યારે પોતાનું યોગદાન (કોઈપણ રીતે) આપી શકે ? જ્યારે તે મહિનાની આવક નિશ્ચિત કરી શકે. (અહીં સરકારી જમાઈઓની વાત નથી, તેમનો તો કામ નહીં કરવાના જ દર મહિને અડધા લાખથી ઉપરના પગાર મળે છે.) દરેક કુટુંબનું એ બજેટ હોય છે. જ્યારે પતિ પત્નીના હાથમાં શાકભાજીના ૧૫૦૦ રૂા., દૂધના ૩૦૦૦ રૂા., પ્રોવિઝનના ૫૦૦૦ રૂા., ગેસના ૬૫૦ રૂા., રીક્ષા ફીના ૧૦૦૦ રૂા., લાઈટબીલના ૨૫૦૦ રૂા. વગેરે એમ ગણતરી કરીને ૨૦ હજાર રૂા. આપે છે ત્યારે પત્ની કહે છે હજુ બીજા પાંચેક હજાર જોઈશે ત્યારે પતિ મુંઝાઈ છે. કારણ કે હજુ હોમલોન, મોબાઈલ ઈન્ટરનેટ ચાર્જ, ડીશટીવીનું ભાડું અને ઘરના ત્રણ નાના મોટા વાહનનો પેટ્રોલ ખર્ચ તો બાકી છે.*

*કોઈ શંકા નથી કે વડાપ્રધાન મોદી સાહેબનો દેશપ્રમ મારા-તમારા દેશપ્રેમથી બે તસુ વધારે હશે પણ દેશહિતના વિચારમાં, દેશની તિજોરી ભરવામાં શા માટે આમ આદમીને મારી નાંખો છો ? એક નવયુવાન કે જેની સેલેરી ૨૫૦૦૦ થી ૩૦૦૦૦ રૂા હોય તે કેવી રીતે પોતાનો નિર્વાહ કરી શકે ? સામાન્ય નોકર, પટ્ટાવાળા, વોચમેન, રોજમદાર કેવી રીતે એક મહિનાના ગેસના ૧૦૦૦ રૂા. ભરી શકે ?*

*મોદી સાહેબ તમારા હાથમાં જ છે કે નાના પરિવારોનું બજેટ ન બગડે. એક લિટર પેટ્રોલમાં ૩૦ થી ૩૫ રૂા. કેન્દ્રને અને રાજ્યને ૨૫ થી ૩૦ રૂા. અને વિક્રેતાને ૬.૫૦ થી ૭ રૂા. મળે છે. પેટ્રોલને સંલગ્દ્ધ તમામ મોંઘવારી છે. તો શું તમે વેટ, ટેક્સ વગેરે ઓછું કરી પેટ્રોલ ડિઝલના ભાવ સ્થિર ના રાખી શકો ?*

*હા, હા વાત સાચી તમારી કે દેશની તિજોરી ભરેલી હશે, વિદેશી હુંડિયામણ વધારે હશે તો કટોકટી સમયે કામ આવશે. આંતરરાષ્ટ્રીય વ્યવહારો-વ્યાપાર વગેરેમાં સારી છાપ રહે. લેકિન-કિન્તુ-પરંતુ મોદી સાહેબ તમે આવું ત્યારે જ કરી શકો જ્યારે પ્રજા તમને ૨૮૨ના આંકડા સુધી પહોંચાડે. માની લ્યો કે તમે દેશહિતમાં સામાન્ય પ્રજાના ખિસ્સાની પત્તર ફાડી નાંખી તો શું ફરી વાર એ તમને વોટ આપશે ? દેશસેવા તમે ત્યારે જ કરી શકશો જ્યારે પ્રજા તમને એ લાયક બહુમતી આપે. અન્યથા ના છૂટકે, મજબૂરી પ્રજાને મફતિયા-નોનસેન્સ કેજરીવાલને લાવવો પડે. પ્રજાને બધી જ ખબર છે કે આ માણસ ઘોર દેશવિરોધી છે, સત્તા લાલચુ છે પણ ... જે હોય તે મોંઘવારી તો નથી આપતો ને ! લાઈટ, પાણી, શિક્ષણ, મેડિકલ તો મફત આપે છે ને ! દેશનું જે થવું હોય તે થાય હવે તો મોદીને ભગાડો કેજરીવાલને લાવો ! દેશહિત અને પાકિસ્તાનની લાયમાં જીવવાને લાયક આ સરકારે છોડ્યા નથી. તો હજી પ્રજા જાગે એ પહેલાં જાગો અને વિદેશભ્રમણ ઓછું કરી મોંઘવારી ઘટાડો. ગેસના ભાવો, પેટ્રોલના ભોવ નિયંત્રિત કરો, નહીંતર પ્રજાનો મોદીપ્રેમ ઉતરી રહ્યો છે. તમને લોકસભામાં નિયંત્રિત કરી દેશે. પછી વિપક્ષમાં બેસી મંજીરા વગાડતો !*

*દેશનો સોહાર્દભાવ બગડી રહ્યો છે. સતત બે શુક્રવારથી નમાજ પૂરી થયા પછી પથ્થરબાજી થાય છે, માહોલ બગડે છે. આખા દેશમાં તણાવ છે. ગૃહમંત્રી અમિત શાહ સાહેબ ક્યાં છે ? વડાપ્રધાન મોદી સાહેબ બે લોકાર્પણના કાર્યક્રમ પડતા મુકી બંને પક્ષના ધર્મગુરુઓને બોલાવી, શાંતિભર્યા વાતાવરણ માટે કેમ પહેલ નથી કરતા ? દેશને નુકશાન થઈ રહ્યું છે, જાહેર સંપતિ નાશ થઈ રહી છે, આગજની અને નિર્દોષોના મૃત્યુ પણ થયા છે. ક્યાં ગયો તેમનો દેશપ્રેમ ? જો સતત દેશહિત અને દેશપ્રેમ-દેશનો વિકાસ મગજમાં હોય તો આવી ઘટના પછી કેમ સંતો, આચાર્યો, મૌલવીઓ, ઉલેમાઓ સાથે વાતો નથી કરતા ??*

*આમ પણ તેમનો કરીશ્મા ઘટી રહ્યો છે. મમતા બેનર્જી તો ગાંઠતી જ નથી. પ. બંગાળનો મુખ્ય સચિવ વડાપ્રધાનની મિટીંગ સમયે તેમની હાજરી સામે જ, પ્રોટોકોલ તોડી મુખ્યપ્રધાન મમતા બેનર્જી સાથે જતો રહ્યો તો મોદી સાહેબે શું કરી લીધું ? અસસુદીન ઔવેસી બેફામ બોલે છે, શું તેને કોઈ કાયદો નથી નડતો ? અરે મોદી સરકારને હિન્દુ-મુસ્લિમમાં જ રસ હોય તો સુપ્રિમ કોર્ટે ઠપકો આપવો જોઈએ. પણ એ પણ તમાશો જોશે અને બધું પતી જશે પછી*

## રામચરીત માનસમાં વર્ણવેલ-લક્ષ્મણ-રામ સંવાદ



ભગવાન શ્રી રામચંદ્રજી ગોદાવરી નદીના કિનારે પંચવટીમાં પર્ણકૂટી બનાવીને રહેવા લાગ્યા,ત્યાં કેટલાક વર્ષો વ્યતિત થઇ ગયા બાદ એક સમયે પ્રભુ શ્રી રામ આનંદથી વિરાજ્યા હતા ત્યારે પ્રભુને પ્રસન્ન જોઇને લક્ષ્મણજીએ છળકપટથી રહિત વચનોથી વિનંતી કરી કે હું આપને મારા પ્રભુ સમજીને પ્રશ્ન પુછી રહ્યો છું.આપ મને એવો ઉપાય બતાવો કે જે ઉપાયથી સઘળું છોડી દઇને અહમ અને મમતાનો ત્યાગ કરીને આપના ચરણોની સેવા કરી શકું.

મને જ્ઞાન,વૈરાગ્ય અને માયાનું સ્વરૂપ કહો. જે ભક્તિ કરવાથી આપ ભક્તો ઉપર દયા કરો છો તે ભક્તિનું સ્વરૂપ આપ મને સમજાવો.ઈશ્વર અને જીવ વચ્ચેનો જે ભેદ છે એ મને સમજાવો કે જેથી આપના ચરણોમાં પ્રિતિ થાય અને શોક,મોહ તથા ભ્રમ ટળી જાય.

ભગવાન શ્રી રામે કહ્યું કે "જ્ઞાન એ જ છે કે જેમાં માન જેવું એક પણ દોષવાળું તત્વ નથી અને જે સર્વમાં સરખી રીતે સમાનભાવે બ્રહ્મને જુવે છે.વૈરાગ્ય તેને જ કહેવો જોઇએ કે જેને સૌ સિધ્ધિઓને તથા ત્રણ ગુણોને તણખલાની જેમ ગણીને તેનો ત્યાગ કરી દીધો છે, આવો પુરૂષ જ પરમ વૈરાગ્યવાન સમજવો."

હું (દેહમાં અહમભાવ) અને મારૂં..તારૂં એ માયા છે કે જેનાથી જીવોના સમુહો વશ થઇને રહ્યા છે.જે ઇન્દ્રિયો તથા મનના વિષયરૂપ છે તે તમામ માયા છે.માયાના બે ભેદ છે:વિધા અને અવિધા. વિધા કે જેના વશમાં ગુણ છે અને જેથી જગતની રચના થાય છે તે પ્રભુની પ્રેરેલી છે,તેનું પોતાનું કોઇ બળ હોતું નથી. અવિધા મલિન હોવાથી દુષ્ટપ છે,અત્યંત દુઃખરૂપ છે અને જીવની ઉપાધિ છે કે જે ઉપાધિના લીધે જીવ સંસારરૂપી કૂવામાં પડ્યો છે.

ધર્મથી વૈરાગ્ય ઉપજે છે અને યોગથી જ્ઞાન અને જ્ઞાનથી મોક્ષ થાય છે. જે આચરણથી પ્રભુ પરમાત્મા દયાને વશ થઇ જાય છે તે આચરણ 'ભક્તિ' કહેવાય છે કે જે ભક્તિ ભક્તોને અલૌકિક સુખ આપે છે એ ભક્તિ સ્વતંત્ર સાધનરૂપ છે કારણ કે તેને યોગ કે જ્ઞાન વગેરે કોઇનું અવલંબન હોતું નથી.જ્ઞાન અને વિજ્ઞાન ભક્તિને આધિન છે.ભક્તિ અનુપમ સુખનું મૂળ છે પણ ભક્તિ જો સંતજનો અનુકૂળ હોય તો જ પ્રાપ્ત થાય છે.

માયાના,ઈશ્વરના તથા પોતાના સ્વરૂપને ભિન્ન ભિન્ન જાણે તે જીવ કહેવાય અને જે બંધન મોક્ષ આપનાર,સર્વનો નિયંતા તથા માયાનો પ્રેરક છે તે ઈશ્વર કહેવાય છે.ભક્તિમાર્ગથી પ્રભુ પરમાત્માને પામવાનાં સાધનોનું વર્ણન કરતાં ભગવાને કહ્યું કે: પ્રથમ સાધન બ્રાહ્મણ(બ્રહ્મજ્ઞાની સંત મહાપુરુષ)ના ચરણોમાં પ્રેમ અને વેદની મર્યાદા પ્રમાણે પોત પોતાના ધર્મમાં અભિરૂચી રાખવી.. જે સાધનોથી વિષયોમાં વૈરાગ્ય થાય છે અને વૈરાગ્યથી પ્રભુ પરમાત્માના ચરણોમાં પ્રેમ થાય છે.. શ્રવણ વગેરે નવ પ્રકારની ભક્તિમાં દ્રઢતા કરવી.. સંતો મહાપુરૂષોના ચરણકમળોમાં અતિ પ્રેમ કરવો.મન વચન કર્મથી ભજનનો દ્રઢ નિયમ રાખવો.સદગુરૂ, માતા-પિતા, ભાઇબંધુ,પતિ-પત્ની એ સર્વેને પ્રભુ પરમાત્માનું રૂપ સમજીને તેમની દ્રઢ સેવા કરવી..આ તમામ પ્રેમ લક્ષણા ભક્તિનાં સાધન છે.

પ્રભુ પરમાત્માના ગુણોનું ગાન કરતાં કરતાં શરીરનાં રોમ ખડાં થઇ જાય, વાણી ગદગદ થઇ જાય અને આંખોમાંથી આંસુ વહેવા લાગે..આ પ્રેમ લક્ષણા ભક્તિ કહેવાય છે.જેનામાં કામ ક્રોધ મદ લોભ કે દંભ વગેરે ના હોય તે પુરૂષને વશ પરમાત્મા રહે છે.. જે વ્યક્તિ મન-વચન અને કર્મ પ્રભુ પરમાત્મામાં જ પ્રવૃત રાખે અને નિષ્કારમભાવે પ્રભુ પરમાત્માનું ભજન કરે છે તેના હૃદયમાં પ્રભુ પરમાત્માનો વાસ રહે છે.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

## યોગ અને ધ્યાન-અભ્યાસ - સંત રાજીન્દર સિંહજી મહારાજ

યોગ સૃષ્ટિની શરૂઆતથી જ પ્રાચીન ભારતનો એક ખાસ મહત્વનો ભાગ રહ્યો છે. પ્રાચીનકાળના ઋષિ-મુનિઓએ અનેક ધર્મ ગ્રંથોમાં યોગના મહત્વ નો ઉલ્લેખ કર્યો છે. ઋગ્વેદમાં પણ અનેક જગ્યાએ યૌગિક ક્રિયાઓ વિશે જાણકારી મળે છે. મહર્ષિ પતંજલિએ યોગ ની પરિભાષા આપતા કહ્યું છે કે ×શ્યોગશ્ચિત્તવૃત્તિનિરોધઃશ્ ×અર્થાત યોગ દ્વારા આપણે આપણા ચંચળ મનને પણ કાબુમાં કરી શકીએ છીએ. મનુષ્યને જ્યારે પણ કોઇ શારીરિક અથવા માનસિક તકલીફ નો સામનો કરવો પડ્યો છે તો પોતાના શરીરને રોગમુક્ત કરવા માટે કોઈને કોઈ પ્રકારે યોગ દ્વારા શરીરને સ્વસ્થ કર્યું છે અને સાથે સાથે માનસિક શાંતિ પણ પ્રાપ્ત કરી છે. પરંતુ આજના આ આધુનિક યુગની ભાગદોડ ભરેલી જિંદગીમાં આપણા ખાનપાન અને રહન-સહન માં બહુ જ બદલાવ આવ્યા છે જેના કારણે ચિંતા, તણાવ, થાક અને ચીડિયાપણું જેવી ઘણી બીમારીઓ આપણને ઘેરી લે છે.

શરૂઆતમાં તો આપણે આપણા સ્વાસ્થ્યની બિલકુલ ચિંતા નથી કરતા કેમ કે આજકાલની વ્યસ્ત જિંદગીમાં કોઈની પાસે એટલો સમય નથી કે તે પોતાના શરીરની તરફ ધ્યાન આપે પરંતુ ધીરે ધીરે આ નાની-નાની બીમારીઓ આપણા શરીરમાં બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, ગઠીયા, મોટાપો અને માઇગ્રેન જેવી અનેક ગંભીર બીમારીઓને જન્મ આપે છે. ત્યારે આપણે થોડાક જાગૃત થઈએ છીએ અને આપનું ધ્યાન કોઈક યોગ તરફ જાય છે કેમ કે યોગ જ છે જે આવી બીમારીઓને જડમૂળથી ખતમ કરી શકે છે. ફક્ત પ્રાચીનકાળના યોગીઓ એ જ નહીં પરંતુ આધુનિક યુગના ડોક્ટરોએ પણ એ વાતને પૂરી રીતે સાબિત કરીને દેખાડી છે કે યોગ જ એવી રામબાણ દવા છે કે જેના દ્વારા શારીરિક રૂપથી સ્વસ્થ રહી શકીએ છીએ અને આપણને આ હલચલ ભરી દુનિયામાં માનસિક શાંતિ પ્રદાન કરી શકે છે.

જો આપણે યોગના ફાયદા ની વાત કરીએ તો આપણે જાણીશું કે યોગના ફાયદા ઓ ની સૂચિ ક્યારેય ખતમ થાય તેવી નથી. પ્રતિદિન યોગ કરવાથી શારીરિક તંદુરસ્તી તો આવે જ છે પરંતુ તેના કરતાં પણ સૌથી વધારે માનસિક શાંતિ પણ પ્રાપ્ત થાય છે જેનાથી આપણી અંદરનો તણાવ દૂર થાય છે અને આપણું મન પણ શાંત થાય છે અને સાથે સાથે આપણા શરીરમાં મોટી મોટી બીમારીઓથી લડવા માટે રક્ત સંચાર પણ સુચારુ રૂપથી થાય છે. જેથી આપણી અંદર રોગોથી લડવાની શક્તિ વધી જાય છે. યોગથી આપણી પાચન ક્રિયાને પણ દુરસ્ત થાય છે જેના લીધે આપણી અંદર ઉર્જાનો વિકાસ થાય છે અને આપણું શરીર લચીલું બને છે. નિયમિત યોગ કરવાથી જીવન પ્રત્યેનો ઉત્સાહ વધે છે અને આપણા અંદરના મનોબળ માં વૃદ્ધિ થાય છે. આ પ્રકારે યોગ દ્વારા આપણા તન ને જ નહીં પરંતુ મનને પણ સ્વસ્થ રાખી શકાય છે.

યોગના ઘણા પ્રકાર છે જેમકે હઠયોગ, પ્રાણયોગ, રાજયોગ, કુંભક અને જ્ઞાન યોગ વગેરે. આ જેટલા પણ પ્રકારના યોગ છે તેને કરવા માટે એક તો એમાં બહુ જ સમય આપવો પડે છે જે આજકાલની વ્યસ્ત દિનચર્યામાં સંભવ નથી અને બીજું તેમને કરવા માટે શરીરનું પુરી રીતે સ્વસ્થ હોવું જરૂરી છે જે આજના યુગમાં સંભવ નથી.

આ બધી યોગિક ક્રિયાઓ ફક્ત આપણા શરીરને સ્વસ્થ રાખે છે પરંતુ સુરત શબ્દ યોગ એક એવી વિધિ છે જે પૂર્ણ રીતે આધ્યાત્મિક છે અને તે ન કેવળ આપણા તન અને મનને પરંતુ આપણી આત્મા ને પણ તંદુરસ્ત રાખે છે. પરમ સંત કૃપાલસિંહ જી મહારાજે આ સુરત શબ્દ યોગ વિશે કહ્યું છે કે ×જો આપણી આત્મા તંદુરસ્ત હશે તો આપણું તન અને મન આપોઆપ તંદુરસ્ત થઈ જશે×. સુરત શબ્દ પ્રયોગ આપણને સમજાવે છે કે સુરત જે આપણી આત્માનું બાહ્ય સ્વરૂપ છે તે જ્યારે પ્રભુના શબ્દ સાથે જોડાય છે તો પછી જ્યાંથી આપણે આવ્યા છીએ તે પિતા પરમેશ્વર ના ઘર આપણે પરત જઈ શકીએ છીએ . જ્યારે આપણે પ્રભુના શબ્દની સાથે જોડાઈ એ છીએ તો આપણે અંદરની દુનિયામાં જવાના લાયક થઈએ છીએ અને આપણી આત્મા નો મેળાપ પરમાત્મા સાથે થઈ શકે છે. આ અનુભવ આપણને આનંદ અને શાંતિ આપે છે. અને આપણને અંદરની મોજ ના આલમમાં લઈ જાય છે કેમ કે અંદર ની યાત્રા પ્રેમ અને ખુબસુરતીથી ભરેલી છે. સુરત શબ્દ યોગ દ્વારા આપણે આપણું ધ્યાન જે આ સમયે બહારની દુનિયામાં જઈ રહ્યું છે તેને અંદરની દુનિયામાં લઈ જઈએ છીએ. આને મેડીટેશન, ભજન-સિમરન, ધ્યાન ટેકવવુ પણ કહેવાય છે. આનો અભ્યાસ કોઈપણ કરી શકે છે ભલે તે નાનો છોકરો હોય કે વૃદ્ધ હોય, ભલે તે એક ધર્મ અને માનવા વાળો હોય કે બીજા ધર્મને માનવા વાળો હોય, ભલે તે એક દેશ માં રહેતો હોય કે બીજા દેશમાં રહેતો હોય આ એક સરળ રીત છે જેનો અભ્યાસ તંદુરસ્ત હોય કે બીમાર હોય કોઈપણ કરી શકે છે. તેને આપણે ઘરમાં અથવા ઓફિસમાં પણ કરી શકીએ છીએ. આનો પ્રતિ દિવસ અભ્યાસ કરવાથી આપણને દરેક જગ્યાએ પ્રભુ નું રૂપ દેખાવા લાગે છે અને પછી આપણને એ અનુભવ થવા લાગે છે કે જે પ્રભુની જ્યોતિ મારામાં છે તે જ બીજામાં છે જેથી આપણી અંદર એક બદલાવ આવે છે. આપણી અંદર આપોઆપ બધા માટે પ્રેમ ભાવ જાગૃત થઈ જાય છે. આપણે એક શાંતિ થી ભરપુર જીવન વ્યતિત કરીએ છીએ. જેના ફળ સ્વરૂપે આપણાથી આ શાંતિ ધીરે ધીરે પરિવાર, સમાજ, દેશથી થઈને પૂર્ણ વિશ્વમાં ફેલાય છે. આવું કરવાથી આપણે આ ધરતી પર સ્વર્ગની કલ્પનાને સાકાર કરી શકીએ છીએ.

## રાજુ રદી કોલકોતાથી ફોન કોલની ઘુવડડોળે રાહ જુએ છે!!

બુલેટ ટ્રેનની ઝડપે રાજુ રદી મારા ઘરમાં ઘુસ્યો. ગતિ એટલી હતી કે ટીપોઈ સાથે અથડાતા અધોગતિમાં ફેરવાઇ ગઇ! ફળસ્વરૂપે રાજુ રદી ભૂમિગત થયો.પછી થોડી કળતર થઇ તે મુખ પર પ્રતિબિંબિત.થોડું કરાંજતા બોલ્યો," આ ચૂંટણીનું શું થવા બેઠું છે??"

રાજુ. ચેમ્બર ઓફ કોમર્સની ચૂંટણીમાં ઘીના ઠામમાં ઘી પડી ગયું."મેં કહ્યું

" ગિરધરભાઇ શું આટલા નીચા લેવલનું કદી વિચારું છું??"રાજુએ સવાલ કર્યો.

" રાજુ. તું વિચારે છે કે વિચારી શકે છે એ સવાલ છે!!" મેં રાજુની દુખતી નસ પર હાથ મુક્યો.

" શું તમેય યાર ? હું ગંભીર વાત કરૂં છું તમે તમારા લેવલથી ક્યારે ઉપર આવશો?" રાજુએ મારા પર ગુસ્સો કાઢયો.

"રાજુ. સંસદની ચૂંટણી ૨૦૨૪ માં છે અને આપણા રાજ્યની ચૂંટણીને સાત આઠ મહિનાની વાર છે. રાજ્યસભાની ચૂંટણીઓ પૂરી થઇ. એમાં આપણો જયજયકાર થયો અને કેટલાક રાજ્યોમાં વિધાન પરિષદની ચૂંટણી થઇ જશે ." મેં રાજુને માહિતી આપી.

" ગિરધરભાઇ. ચૂંટણી પંચે દેશના રાષ્ટ્રપતિની ચૂંટણીની તારીખની જાહેરાત કરી દીધી છે. ૧૮ જુલાઈએ દેશના ૧૫મા રાષ્ટ્રપતિની ચૂંટણી માટેનું મતદાન થશે અને ૨૧ જુલાઈએ દેશના નવા રાષ્ટ્રપતિ કોણ બનશે તેની ખબર પડશે."શ્રી શ્રી રાજુ ઉવાચ.

"રાજુ . રાષ્ટ્રપતિની ચૂંટણી ઈલેક્ટરોલ કૉલેજ દ્વારા કરવામાં આવે છે. લોકસભા અને રાજ્યસભાના ચૂંટાયેલા સભ્યો આ ઈલેક્ટરોલ કૉલેજના સભ્યો હોય છે અને એ ઉપરાંત બધી વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો પણ.

વિધાન પરિષદના સભ્યો એના સભ્ય નથી હોતા. લોકસભા અને રાજ્યસભાના નામાંકિત સભ્યો પણ એના સભ્ય નથી હોતા.

પરંતુ આ બધાના મતોનું મૂલ્ય જુદું જુદું હોય છે. લોકસભા અને રાજ્યસભાના મતનું મૂલ્ય એક હોય છે અને વિધાનસભાના સભ્યોનું અલગ હોય છે. તે રાજ્યની વસ્તીના આધારે નક્કી થાય છે. આ ચૂંટણીમાં ઈવીએમ મશીનનો ઉપયોગ નથી થતો.!! બંધારણના ઘડવૈયાઓએ ટાઈ પડવા-વિષયક વિચાર નહોતો કર્યો, તેથી એના વિશે ઉલ્લેખ નથી. જે ઉમેદવારને વધુ મતો મળશે તે ઉમેદવાર દેશનો પ્રથમ નાગરિક બનશે." મેં ચૂંટણીનું ગણિત સમજાવ્યું."

"ગિરધરભાઇ. રાષ્ટ્રપતિને રહેવા ૩૬૦ કમરાવાળું મકાન, અરે સોરી મહેલ મળે, તગડો પગાર મળે, ફરવા મોંઘી કાર-વિમાન મળે, રેશનપાણી મફત, લાઈટ મફત, તગડો પગાર, નિવૃત થયા પછી પેન્શન, બંગલો વગેરે મળે. આ સવલતો સામે કોઇ ફિક્સ જોબ ચાર્ટ નહીં. સરકાર કહે તેના પર મતું મારવાનું. ફકરૂદીન અહેમદ સાહેબે બાથરૂમમાં નહાતા નહાતા કટોકટી લગાવવાના કાગળિયા પર દસ્તખત કરીને તમામને આંસુથી નવડાવી દીધા હતા. જ્યારે રાજેન્દ્ર પ્રસાદે નહેરૂની અનિચ્છા હોવા છતાં સોમનાથ મંદિરના પુનરોધ્ધાર બાદ યોજાયેલા લોકાર્પણ કાર્યક્રમમાં હાજરી આપીને પદની ગરિમા વધારેલી.સરકારી બાબુને અમુકતમુક ફાઈલો-કાગળોનો નિકાલ કરવો પડે!!" રાજુએ રાષ્ટ્રપતિ થવાના ફાયદા દર્શાવ્યા!!

"રાજુ. આટલું સોલ્લિટ આકર્ષણ હોવા છતાં ફારુક અબ્દુલા સાહેબ રાષ્ટ્રપતિ થવા ધરાર ના પાડે છે. કાશ્મીરની સેવા કરવાનું બહાનું આગળ ધરે છે. રાષ્ટ્રપતિ જે કામ ( ઉદઘાટન કરવા, સમારોમાં હાજર રહેવું, ૨૬ મી જાન્યુઆરીએ રાષ્ટ્રધ્વજ લહેરાવવો, પદ્મશ્રી ટાઈપના એવોર્ડ આપવા એ રાષ્ટ્રની સેવા નથી તો કારેલા કાપવાનું કામ છે?) એ સેવા નહીં હોય?" મેં રાજુને એહમ સવાલ પૂછ્યો.

" ગિરધરભાઇ. આપણા શરદભાઉ પણ રાષ્ટ્રપતિ બનવા માટે નકો નકો કરે છે! ભાઉ રાષ્ટ્રપતિ બંને તો તેમની સામેની તપાસ-કેસોમાં ભીનું નહીં તો કોરું પણ સંકેલાઇ જાય!!"રાજુએ ટાપશી પૂરી.

"રાજુ.હવે કયો બત્રીસ (અપ) લક્ષણો ના પાડશે??" મારી ચિંતા જિહ્વા પર આવી ગઇ.

રાજુ રદી અને હું એકમેકનું માથું વાંદરાની માફક ખંજવાળીએ છીએ!

મને અચાનક ટ્યુબલાઇટ(ડીમ કે ફૂલ એ ન પૂછશો પ્લીઇઇઇઝ !)

"રાજુ. દીદી તારા નામનો વિચાર કરી શકે. તું આપણા સાહેબ જેમ સિંગલ છું.તારો રીઝ્યુમ મોકલી આપને બકા."મેં અભિનવ શક્યતા સૂચવી .

બસ આ ક્ષણથી રાજુ કોલકોતાથી ફોન કોલ આવે તેની ઘુવડડોળે રાહ જુએ છે!!!

ભરત વૈષ્ણવ

---

હાથ લારી

લાકડા કે પૈડાની બનેલી લારી છે? મારા જીવનની પ્રગતિની બારી છે.

તકલીફો વેચી ,ખુશીઓ ખરીદી, મારા જીવન વ્યવહારોની ક્યારી છે.

શાક કે ક્યારેક ફળફળાદિ ભર્યા છે, ખુલ્લી આંખના સપનાની શાયરી છે.

પતંગ કે ક્યારેક ફટાકડા ભર્યા છે, ફૂલ કે ક્યારેક ઉમંગોની વારી છે.

કાર, સ્કૂટર કે સાઈકલ નથી તો શું? મારી પ્રગતિ કે ચડતીની સવારી છે. એની હાલત સારી નથી તૂટીફૂટી છે, ખરાબે ચડેલી જિંદગીને સુધારી છે.

ભરત વૈષ્ણવ

## આસામમાં પૂરથી ૪૨ લાખ લોકો પ્રભાવિત, અત્યાર સુધીમાં ૮ લોકોના મોત

ગોવાહાટી,તા.૧૯

આસામમાં ભારે વરસાદને કારણે પૂરની સ્થિતિ છે. નવીનતમ માહિતી અનુસાર, સતત વરસાદ અને પૂરના કારણે અત્યાર સુધીમાં ૮ લોકોએ જીવ ગુમાવ્યો છે જ્યારે ૪૨ લાખ લોકો બેઘર થઈ ગયા છે. કહેવામાં આવી રહ્યું છે કે સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ છે કે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. રસ્તાઓ પાણીમાં ગરકાવ છે જેના કારણે લોકો એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચી શકતા નથી.

આસામમાં પૂરના કારણે ૪૨ લાખ લોકો બેઘર બન્યા છે, જ્યારે હજારો લોકોને મજબૂરીમાં ઘર છોડવું પડ્યું છે. ભારતીય સેના દ્વારા રાહત અને બચાવ કામગીરી સતત કરવામાં આવી રહી છે. એક સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ગંભીર દર્દીઓ, વૃદ્ધ મહિલાઓ અને બાળકો સહિત લગભગ ૪૫૦૦ ફસાયેલા સ્થાનિક લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, સેનાના જવાનો બચાવ અને રાહત કામગીરી ચાલુ રાખી રહ્યા છે. બચાવ અભિયાનની સાથે, સેનાના જવાનો હજારો લોકોને મદદ કરવા માટે રાહત શિબિરોમાં સમયસર જરૂરી વસ્તુઓની સપ્લાય પણ સુનિશ્ચિત કરી રહ્યા છે. જેથી લોકોની સારવારની સાથે તેમનો જીવ પણ બચાવી શકાય.

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને પ્રેરણાથી અમદાવાદ શહેર પોલીસની 'પહેલ'

## વાણી, વર્તન અને વ્યવહારમાં કર્મયોગ ભાવથી ફરજરત પોલીસ દળની ગરિમાને વધુ ઉંચાઇએ લઇ જવી છે- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, વાણી, વર્તન અને વ્યવહારમાં કર્મયોગ ભાવથી ફરજરત પોલીસ દળની ગરિમાને વધુ ઉંચાઇએ લઇ જવી છે, પોલીસ નો પિપલ ફ્રેન્ડલી એપ્રોચ હંમેશા લોકોની પ્રશંસા મેળવતો હોય છે અને સારા કાર્યોની છાપ જનમાનસમાં કાયમ રહેતી હોય છે, તેમ તેમણે ઉમેર્યું હતું

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને પ્રેરણાથી અમદાવાદ શહેર પોલીસે જવાનોને સ્ટ્રેસ મેનેજમેંટ, કાયદા-નિયમો, બિહેવિયરલ ટ્રેનિંગ જેવા વિષયો પર તાલીમ આપવાનો નવતર અભિગમ અપનાવી એક દિવસીય સેમિનાર 'પહેલ'નું આયોજન કર્યું હતું.

પોલીસ અને પ્રજા વચ્ચેના સંબંધો વધુ સૌજન્યશીલ, સૌહાર્દપૂર્ણ બને તેમજ પોલીસ પ્રજાના મિત્ર તરીકે પ્રજા સાથે, પ્રજા માટે, પ્રજા પડખે છે" તે ભાવના જનમાનસમાં જાગે તેવા આશયથી વિવિધ વિષય નિષ્ણાતો, પદાધિકારીઓ, પોલીસ અધિકારીઓ આ એક દિવસીય સેમિનારમાં સામૂહિક ચિંતન મનન કરશે. મુખ્યમંત્રીશ્રીએ ''પહેલ'' સેમિનારનો પ્રારંભ ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર અને અમદાવાદ શહેર પોલીસ તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉચ્ચઅધિકારીઓની ઉપસ્થિતિમાં કરાવ્યો હતો. ગાયહેડ અને ક્રેડાઈ આ સેમિનારના સહયોગી બન્યા છે. શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ શહેર ટ્રાફિક નિયમન સરળતાથી થાય અને લોકોને વાહન ચાલનમાં વધુ સગવડતા મળે તે માટે અમદાવાદ શહેર પોલીસે ઘડેલી 'એરીયા એડોપ્શન સ્કીમ' લોન્ચ કરી હતી. આ સ્કીમ અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં તબક્કાવાર લોન્ચ કરાશે. આ એરિયા એડોપ્શન સ્કીમ શરૂ થવાથી જે-તે સ્થાનિક વિસ્તારના જનસહયોગ અને સૂચનોથી ટ્રાફિક સમસ્યા નિવારી શકાશે. મુખ્યમંત્રીશ્રીએ 'પહેલ' સેમિનારમાં વધુમાં કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ'થી કામ કરવાની જે દિશા આપી છે, તે દીશામાં પોલીસ વિભાગે 'પહેલ' સેમિનાર અને 'એરિયા એડોપ્શન સ્કિમ'થી વધુ એક કદમ ભર્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ નાનામાં નાના માનવીથી લઈને સૌ કોઇના સન્માનને મહત્વપૂર્ણ ગણાવી પોલીસ અને પ્રજા વચ્ચે સૌહાર્દ અને પરસ્પર સન્માનસભર વ્યવહાર ખૂબ આવશ્યક હોવાનો મત વ્યક્ત કર્યો હતો.

તેમણે ઉમેર્યુ કે, નીતિ-નિયમો અને કાયદા પાલનમાં પોલીસની કડકાઇ સરાહનીય છે અને સરવાળે તો સમાજજીવનના ભલા માટે, સારા માટે જ છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, સમસ્યાના પાયામાં જઈને તેને ઉકેલવામાં આવે તો પ્રયાસો સફળ થતાં હોય છે અને સારાં પરિણામો મળતાં હોય છે. પોલીસ માનવીય સંવેદના સાથે આવા પ્રયાસો કરતી રહી છે તે પણ પ્રસંશનીય છે.

કોરોનાકાળમાં પોલીસકર્મીઓની ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ કર્મચારીઓને કર્મયોગી બનવાની શીખ આપી છે તેમાંથી સૌ પોલીસ જવાનોએ પ્રેરણા લઇ કોરોના જેવા કપરા કાળમાં પણ હસતાં મોંએ સેવા કરી છે.

આ પ્રસંગે અમદાવાદ શહેરના શ્રી મેયર કિરીટભાઈ પરમારે જણાવ્યું હતું કે, એરિયા એડોપ્શન સ્કિમમાં અમદાવાદ મહાનગરપાલિકા પણ કદમથી કદમ મિલાવીને પોલીસ વિભાગને પૂરેપૂરો સહકાર આપશે. અમદાવાદ પોલીસ, સ્થાનિક લોકો અને જનપ્રતિનિધીઓ એકસાથે બેસીને ટ્રાફીક સમસ્યાઓ પર પરામર્શ કરી અને તેના ઉકેલ લાવશે. અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવે પહેલ અને આસ (AAS) સ્કિમનો ઉદ્દેશ્ય સ્પષ્ટ કરતા કહ્યું હતું કે, ૧૫,૦૦૦ પોલીસકર્મીઓને આગામી ૩ મહિના દરમિયાન વિવિધ વિષય નિષ્ણાતો, મનોચિકિત્સકો, પત્રકારો, વકીલો દ્વારા તાલીમબદ્ધ કરવામાં આવશે.

અમદાવાદ શહેરમાં ટ્રાફિક અવેરનેસ અને વ્યવસ્થાપન બાબતે દાયકાઓથી સક્રિય રહેલા મહાનુભાવોનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માન કરાયું હતું.

''પહેલ'' સેમિનારના ઉદ્દ્ઘાટન સમારોહમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરશ્રી લોચન સહેરા, અમદાવાદ શહેરના સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ગૌતમ પરમાર (IPS), સંયુક્ત પોલીસ કમિશ્નર વહીવટ વિભાગ શ્રી અજય ચૌધરી, અધિક પોલીસ કમિશ્નર (ક્રાઈમ) શ્રી પ્રેમવીરસિંહ, ક્રેડાઈ અમદાવાદ અને ગાહેડના પ્રમુખ શ્રી તેજસ જોશી, ક્રેડાઈ અમદાવાદ ગાહેડના સેક્રેટરી શ્રી વિરલ શાહ, ક્રેડાઈના રાષ્ટ્રીય પદાધિકારી શ્રી શેખરભાઈ પટેલ તેમજ અમદાવાદ શહેર પોલીસના સિનિયર અધિકારીશ્રીઓ તથા શહેર પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહભાગી થયા હતા.

-સીએમપીઆરઓ/ઉમંગ/અરૂણ...

## સુરત જિલ્લા શિક્ષણાધિકારી છે કે શેતાનાધિકારી ?

# કાયદો ખુદ તોડે અને કેવી કરે છે ચોકીદારી ?શોષણ,ભ્રષ્ટાચાર કરી કાયદાઓની ખુદ ઐસી કી તૈસી કરે ચોકીદાર

નિયામક જોશીજી ભવિષ્ય ભાખે છે અને ડીઈઓ સુરત ગુરુ કરે છે ગોરખધંધા.

ખાટલે સરકારની તિજોરી ને ૧૦૦-૧૦૦ કરોડની ખોટ.વચેટિયા દલાલ અબજોમાં કરે છે લોટમલોટ.

ઉપરવાળા મહેરબાન કોણ કોણ છે ? રાજગુરુજી છે પહેલવાન ?

સુરત જિલ્લા અને મહાનગરમાં બીન અનુદાનિત ખાનગી શાળાઓમાં ગંદવાડ ઉભરાય છે.

મકાનના ઠેકાણાં નથી ગટર ઉભરાય છે.

મેદાનના ઠેકાણાં નથી ખેલ મહાકુંભ યોજાય છે.

માસ્તરના ઠેકાણાં નથી ને યુવા યુવતીઓનું આર્થિક, શારીરિક શૈક્ષણીક સંસ્થાઓ શોષણ થાય છે.

કાયદેસર પગાર અને હક અધિકાર માગવામાં આવે તો નોકરીમાંથી કાઢી અનેકને મૂક્યા છે અને અનેકો માથે લટકતી તલવાર છે. કારણ જિલ્લા શિક્ષણાધિકારી એચ એચ રાજયગુરૂજી જાતે જ કાયદાનું પાલન કરતાં નથી અને સરકારનો મતલબ જનતાના પૈસે પગાર ખાઈ સરકાર સાથે જ ગદ્દારી કરે છે. પકડાય છે અને છૂટી જાય છે પાછા ફરીથી ચરવા લાગી જાય છે. જોશ એમનાં ઉપરથી જોવાય છે . ઉપર બેઠેલા નિયામક જોશીજી ભવિષ્ય અને એમની જીંદગી , નોકરી વારંવાર બચાવી લે છે. જનતા એટલું તો જાણે છે કે કોઈ લોટિયો એમનમ ના લોટે ?

છેક વલસાડના જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પંચાયત પ્રાથમિક શિક્ષણ અધિકારીને સુરત જિલ્લા શિક્ષણાધિકારી એચ. એચ. રાજયગુરૂજી ના વેપલા વ્યવ્હાર ની , કથિત શંકાસ્પદ શાળાઓની તપાસ સોંપવામાં આવી હતી .

શું થયું ? મારો રામ- રહીમ જાણે ?

સુરત મહાનગર કતારગામ વિસ્તારમાં મકાન અને મેદાન કોઈ આધાર પુરાવા વગરના બે બે બાળ- શાળાઓએ જિલ્લા શિક્ષણાધિકારી એચ.એચ.રાજયગુરૂ દ્વારા જન્મ આપવામાં આવ્યો. બધું રંગેહાથ ઝડપાઈ ગયું. જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીનાં બહુ ગાજતા નિરીક્ષકોની બદલી ભોગ લેવાયો.

ખોટું કરનારા અને કરાવનારા સામે કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ખરી ?

આજે શાળાઓમા પ્રવેશોત્સવ ચાલે છે અને શિક્ષણમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી એ જાતે મીડિયામાં આવી જાહેર કરવુ પડે છે કે અમારી ગુજરાતની શાળાઓમાં ખાનગી પ્રકાશનના પુસ્તક પ્રતિબંધિત છે. આ કાયદો વર્ષો જૂનો છે. ઠેર ઠેર દરેક જિલ્લામાં ચોકીદાર એવા જિલ્લા શિક્ષણાધિકારીઓ ગોઠવ્યા છે.

હું દિપક પટેલ અને વાલીઓ, ભોગ બનેલા શિક્ષકો, આરટીઆઇ કાર્યકર્તાઓ રોજ પૂરાવા સાથે કરેલી ફરિયાદ યાદ કરાવે છે.

આજે એક ૫૬ વરસથી લડતા નરેન્દ્રભાઈની ફરિયાદ યાદ કરાવવી પડે છે. શિક્ષક ક્યારેય દલિત, પછાત, બિચારો નથી એવું ચાણક્ય કથન છે.

અહીં નરેન્દ્ર પોતાના અધિકાર માટે ઝઝૂમે છે. શ્રી ભુપેન્દ્રભાઈ મુખ્યમંત્રી છે. જીતેન્દ્રભાઈ શિક્ષણમંત્રી છે, શ્રી નરેન્દ્રભાઇ વડાપ્રધાન છે.

એક ૫૬ વરસથી લડતો પ્રાથમિક શિક્ષક બાકી પગાર, પીએફ, નોકરી, પોતાના પરિવારનું રક્ષણ . પાછલી જિંદગી નો આધાર માગે છે.

સુરત જિલ્લા શિક્ષણાધિકારી એચ. એચ. રાજયગુરૂજી. વાહ ભાઈ વાહ. બે બે વર્ષથી નિરુત્તર શીદ છો ?

સુરતની જનતા જાણે છે મેટાસ સ્કૂલમાં શું શું રંધાયું છે. સરકારને ૧૦૦ કરોડનો ચૂનો કોણ કોણ ચોપડી રહ્યું છે.

આખા દેશમાં સુરતની ઈજ્જત તોલે કોઈ આવી શકે તેમ નથી. આ સોનાની થાળીમાં લોઢાની મેખ ... દૂધમાં માખ કોણ છે ?

આજે મળેલી વિગત મુજબ નરેન્દ્ર ને રોડ ઉપર બોલાવી એક તપાસ અધિકારી બધાં જ ફરિયાદના કાગળો લઈ જાય છે અને ૧૦૦ દીવસ સુધી કોઈ જવાબ નથી.

છેલ્લે શિક્ષક લડીને મરી લેવાના મૂડ માં જોવાં મળે છે. ત્રણ ત્રણ ઈન્દ્ર રાજા અને એક શિક્ષક નરેન્દ્ર પોતાના અધિકાર, હક, બાકી પગાર, અને જીવનની સલામતી માટે કરગરે છે. બિચારાં શિક્ષકે જાહેર કર્યું છે કે એ શિક્ષિત યોગ્ય લાયકાત ધરાવતા છે પરંતુ દલિત સમાજ ના ગરીબ માણસ હોય એટલે એમને અન્યાય થયો નથી.

અમોએ એમને મદદ કરવાની ખાત્રી આપી છે.

હવે જિલ્લા શિક્ષણાધિકારી સુરત શાનમાં નહીં સમજે તો...?

ભ્રષ્ટાચારની માયા નહીં ત્યાગે તો... ?

ભ્રસ્ટચારીઓ સામે સરકારે નકકી કરેલ કાયદા મુજબ કાર્યવાહી નહીં કરે તો...?

સરકારે જાહેર કરેલા કાયદાનું ખુદ પાલન નહીં કરે તો...?

ગુજરાત સરકાર ને ચૂનો ચોપડવું બંધ નહીં કરે તો ?

ન પૂછો પ્રેમની વાતો, પછી જાતી નથી રાતો,
જરા દૂરી વધી ગઈ છે, હૃદયથી છે હજી નાતો.
કરે આવાજ બસ એ એક સઘળાં કામને છોડી,
સીમાડે આવતી મળવા હું ત્યાં હાજર થઈ જાતો.
મુખેથી કાંઈ ના કહેતી નયન હું વાંચતો એનાં,
ઈશારાથી શરું કરતી ગજબની છોકરી આતો.
લખી નાખ્યું ફકત કલ્પન એવું ના માનશો યારો,
ગઝલમાં લાગણી ભરતો હૃદયની હોય છે વાતો.
થતી ચર્ચા ગલી ચોરે નઠારા લોક ક્યાં સમજે!
પ્રણયનો પંથ પથરીલો જગતની ગાળ પણ ખાતો.



નિતેશ ટાંક.(સુરત)

### એનું શું કરવું?

આ મૌન સતત ખખડે છે એનું શું કરવું?
આ બંધઘડી બબડે છે એનું શું કરવું?
પથરાયા ત્યાં તડકાના તાકાના તાકા,
ને ચાંદરણું તતડે છે એનું શું કરવું?
તમે કહ્યું કે યાદ લસરપટ્ટી જેવી છે,
એના પર પળ દદડે છે એનું શું કરવું?
પ્રેમગલી કેં શેરબઝાર નથી જાણું છું,
ભાવ અહીં પણ ગગડે છે એનું શું કરવું?
'જા તું છુટ્ટી' લખવું કેં લાંબું તો છે નહિ,
પણ લખતાં દિલ સસડે છે એનું શું કરવું?




વિજય રાજ્યગુરુ (ભાવનગર)



થઈ શક્યા ક્યારે નિખાલસ, હું તમે ને આપણે,
આમ તો કહેવાયા માણસ, હું તમે ને આપણે.
માન, મોભો, મરતબો, કિર્તી, શ્રીમંતાઈ છતાં,
એક પડછાયા ના વારસ, હું તમે ને આપણે.
લાગણી, સંબંધ, આંસુ, પ્રેમનાં સોગંદ પણ,
કંઈ ભજવીએ રોજ ફારસ, હું તમે ને આપણે.
ના કદી બદલી શક્યાં, બદલાવ આવ્યા ને ગયા,
સો સદીનું જૂનું માનસ, હું તમે ને આપણે.
આ સમય તો કેટલો દોડી ગયો આગળ 'દિના'!!!
ના તસુ પણ ના ખસ્યા બસ, હું તમે ને આપણે.

ડો દિના શાહ (વડોદરા)

આ પ્રેમ શબ્દ નું વિશ્લેષણ તમે કેમ કરશો?.
શું હૈયું નિર્મળ રાખી થોડી વાત કરશો તમે?.
આંખો મા આંખ પરોવી વાત કરવી છે સૌને અહીં.
શું આંખમાં થી વિકાર ને બાદ કરી વાત કરી શકશો તમે?
પ્રેમ પામવા તો સૌ નીકળી પડે છે અહીં.
શું સાચો પ્રેમ થોડો તો કરશો તમે?.
માનપાન તો જોઈએ છે સૌને અહીં પોતાના થકી.
શું કોઈનું અપમાન કરવાનું બંધ કરી શકશો તમે?
હાથમાં હાથ પરોવી ચાલવાનું સૌને ગમે છે અહીં.
છળકપટ કરી છેતરવાનું બંધ કરી શકશો તમે?



ચારુલતા દોશી.(મુંબઈ)

જીર્ણ થયું પહેરેલું પહેરણ!
તો ય મને વળગેલું પહેરણ!
માપ લઈ મારું, મનગમતું
દરજીએ સીવેલું પહેરણ!
યાદ નથી ક્યારે પહેરેલું
છેલ્લે છેલ્લે પ્હેલું પહેરણ!
છે તિરાડ અરીસામાં, કે
પહેર્યું મેં ફાટેલું પહેરણ?
જેમ કમળ કાદવમાં ખીલે
શુદ્ધ 'હરિ' ને મેલું પહેરણ!



હરિહર શુક્લ 'હરિ'(વડનગર)

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ


**NOG SS No :-0038**

**વિષય :- યોગ**
**શીર્ષક :-તમે યોગ કરો**
**વિભાગ:-પદ્ય**

**યોગ કરો યોગ કરો ...જીવનને શુદ્ધ કરો,**
**રહેશો તંદુરસ્ત .....તમે યોગ કરો.**
**સંસ્કૃતિ આપણા દેશની તમે અપનાવો,**
**યોગ કરો ને નિરોગ રહો....તમે યોગ કરો.**
**સઘડા મટશે રોગ શરીરના,**
**રાચશે મન આનંદમાં....તમે યોગ કરો.**
**પ્રકૃતિની હાજરીમાં રહો નજીક એની,**
**થોડા એની પાસે બેસી....તમે યોગ કરો.**
**યોગ આપે કાયાને રોજ નવા આયામ,**
**થશે રોજ વ્યાયામ....તમે યોગ કરો.**
**યોગ ધ્યાનનો બનાવો નિયમ ને,**
**શરીરમાં રહેશે સંયમ.... તમે યોગ કરો.**
**ફૂલની જેમ ખીલશે હૃદય ને,**
**સકારાત્મક ભરાશે ઉર્જા.....તમે યોગ કરો.**

**શીલાપટેલ "આકાંક્ષા"**

## અમદાવાદ પોલીસ અને ક્રેડાઈ અમદાવાદ દ્વારા સંયુક્ત પણે એક દિવસીય સેમિનાર પહેલ નું આયોજન પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબની વિશિષ્ટ ઉપસ્થિતિમાં યોજાયો




ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે આજરોજ અમદાવાદ પોલીસ અને ક્રેડાઈ અમદાવાદ દ્વારા સંયુક્ત પણે એક દિવસીય સેમિનાર ×પહેલ× નું આયોજન કરવામાં આવ્યું. આજના પ્રસંગે પ્રદેશ અધ્યક્ષ અને નવસારીના સાંસદ શ્રી સી આર પાટીલ સાહેબ, રાજ્યના ગૃહમંત્રી શ્રી હર્ષ ભાઈ સંઘવી ઉપસ્થિત રહ્યા અને પોલીસ બેડાની કામગીરીને વખાણીને અભિનંદન પાઠવ્યા હતા તેમજ પોલીસ બેડામાં કામગીરીમાં જરૂરી સૂચનો આપ્યા.

આ પ્રસંગે સંબોધતા શ્રી સી આર પાટીલ સાહેબે જણાવ્યું કે આપ સૌ લોકો ખૂબ વિશિષ્ટ વ્યક્તિઓ છો અને તે ભાવના જનમાનસમાં ઉતરે તેના તમામ પ્રયત્નો આપણે કરવા જોઈએ. જેવી રીતે આર્મી ફોર્સને દેશના નાગરિકો એક સન્માનની દૃષ્ટિએ જુએ છે તેવી જ રીતે પોલીસ ફોર્સને પણ તેવી જ સન્માનની દ્રષ્ટિએ લોકો જુએ અને તેમની સાથે જોડાય તે આજના સમયની માંગ છે. પોલીસ બેડાનું કામ ખુબ જ પડકાર રૂપ કામ હોય છે. સમાજ-જીવનમાં રહેતા ગુંડા તત્વોને, અસામાજિક તત્વોને, ગુનાહિત પ્રવૃત્તિઓ આચરતાં લોકોને શોધી કાઢવા, એફઆઈઆર દાખલ કરવી, કોર્ટ સમક્ષ રજૂ કરવા, સાક્ષીઓ સાથે વાર્તાલાપ કરવા, જુબાની લેવી, કોઈપણ ગુનાની ઝીણામાં ઝીણી તપાસ કરવી અને જ્યાં સુધી પીડિત ને ન્યાય ન મળે ત્યાં સુધી ફોલો કરવાનું કામ પોલીસનો હોય છે.

શ્રી પાટીલ સાહેબે ભારપૂર્વક જણાવ્યું કે પોલીસ અધિકારીઓને તેમની જવાબદારી સાથે સાથે તેમના અધિકારોનું પણ હનન ન થાય તે જોવાનું કામ પણ સરકારનું છે. શ્રી પાટીલ સાહેબે વધુમાં જણાવ્યું કે આપણે સૌ સાથે મળીને પોલીસ સ્ટેશનનો વાતાવરણ બદલી શકીએ છીએ જ્યારે પણ કોઈ ફરિયાદ કરવા આવે તો તેને પ્રેમથી આવકારીએ, હૂંફ આપીયે, ચા-પાણી પૂછીએ આ બધા પ્રયત્નો થકી પોલીસની એક નવી જ ઈમેજ પ્રજા સમક્ષ રજૂ થશે અને તેના ઘણા સારા પરિણામો સમાજ-જીવનમાં મળશે. શ્રી પાટીલે જણાવ્યું કે અગ્નિપથ યોજના એ ખૂબ સરસ યોજના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે દેશના યુવાનો માટે બહાર પાડી છે જેના થકી યુવાનોનો ઉત્તમ પ્રકારનું ઘડતર થશે અને દેશ સેવા માં જોડાઈ સમાજ જીવનમાં પણ પોતાનું યોગદાન પ્રદાન કરી શકશે.

આ પ્રસંગે ગૃહરાજયમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ અમદાવાદ પોલીસને એક આદર્શ પોલીસ બતાવતા જણાવ્યું કે સમગ્ર રાજ્ય અને દેશ માટે એક મોડેલ સ્વરૂપ છે. અમદાવાદ પોલીસે શરૂ કરેલ એરીયા એડેપ્શ સ્કીમ તે ખૂબ સારી સ્કીમ છે અને તેના થકી વિસ્તારના વિશિષ્ટ પ્રબુદ્ધ નાગરિકો, સંસ્થાઓને જોડીને વિસ્તારની ટ્રાફિક સમસ્યાને હળવી કરીને તેના કાયમી ઉકેલ આપણે લાવી શકીશું, શ્રી સંઘવીએ વધુમાં જણાવ્યું કે પોલીસ બેડાએ પોલીસ અને પ્રજાના વચ્ચેનો સેતુ વધે તે માટેના તમામ પ્રયત્નો કરવા જોઈએ. વલણ બદલવો જોઈએ અને એક સંવેદનશીલ ભાવના અને એક સેન્સિટિવિટી સાથે કાર્ય કરવું જોઈએ. હાલમાં થયેલ ૫૦,૦૦૦ જેટલી મહિલાઓના સર્વેનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે લૉ અને ઓર્ડરની સાથે સાથે સોશિયલ સિક્યુરિટી પણ એટલી જ જરૂરી છે અને સર્વેમાં બહાર આવેલ હકીકતો પર સૌના સામૂહિક પ્રયત્નો થકી તેને સુચારુ બનાવવાના તમામ પ્રયત્નો હાથ ધરેલ છે. મહિલા સુરક્ષામાં ગુજરાત સમગ્ર દેશને એક ઉત્તમ ઉદાહરણ પુરુ પાડ્યું છે તે ગુજરાત પોલીસ માટે ખુબ ગૌરવની બાબત છે. સામાન્ય નાગરિક સાથે સારો અને સાચો વ્યવહાર કરીને પોલીસની ઈમેજને બદલવાનું કામ આ ×પહેલ× યોજના થકી થશે તેવો વિશ્વાસ શ્રી સંઘવીએ વ્યક્ત કર્યો હતો.

આજના આ કાર્યક્રમ પોલીસ કમિશનરશ્રી સંજયભાઈ શ્રીવાસ્તવ તેમજ ક્રેડાઈ ના અગ્રણીઓ શ્રી શેખર ભાઈ, તેજસભાઈ, વિરલભાઈ, કર્ણાવતી મહાનગર સ્ટેન્ડિંગ ચેરમેન શ્રી હિતેશભાઈ બારોટ શ્રી દેવાંગભાઈ દાણી, પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## સ્વામિનારાયણ વિદ્યામંદિર કન્યા વિદ્યાલય, રાંદેસણ ખાતે આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં વિધાનસભાના અધ્યક્ષ શ્રીમતી ડૉ. નીમાબેન આચાર્ય ઉપસ્થિત રહ્યા

ગાંધીનગર: સોમવાર : બી.એ.પી.એસ. દ્વારા સંચાલિત સ્વામી નારાયણ વિદ્યામંદિર કન્યા વિદ્યાલય રેસીડેન્શીયલ સ્કુલ, રાંદેસણ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી નિમિત્તે ખાસ યોગના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ખાસ યોગ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે ગુજરાત વિધાનસભાન અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ઉદબોધન કરતાં ડૉ. નીમાબેન આચાર્યએ જણાવ્યું હતું કે, ×યોગ એ નિયમિત અને સંયમિત જીવન પ્રણાલીનો એક અનિવાર્ય અને અગત્યનો ભાગ છે. જેના થકી પ્રત્યેક વ્યક્તિ તાલબદ્ધ શ્વસનક્રિયા વડે, તનનું અને મનનું નિરામય આરોગ્ય જાળવી શકે છે. સ્વસ્થ દિર્ઘાયુ જીવન જીવી શકે છે. આપણા ધર્મ અને સંસ્કૃતિમાં આગવું સ્થાન પામેલ યોગ એ એવી અનન્ય અને અદ્વિતીય વસ્તુ છે કે તે આપણે સમસ્ત વિશ્વને આપી શકીએ તેમ છીએ.× આ બાબત પર ભાર દઈને યોગ માધ્યમથી સમાજ અને રાષ્ટ્રને સ્વસ્થ અને આત્મનિર્ભર બનાવવાની દિશામાં શાળાની વિદ્યાર્થીનીઓને અનુરોધ કર્યો હતો.

આપણી સંસ્કૃતિમાં શરીર, મન અને આત્મા એ ત્રણ પાસાઓને યોગ્ય સંતુલન વડે જ પરિપૂર્ણ અને ખુશહાલ જીવનની સંકલ્પના આપણા ઋષિમુનિઓ એ સિધ્ધ કરી બતાવી છે. આપણે યોગ રસ્તે ચાલીને આખા જગતને પૈસાનો ખર્ચ કર્યા વિના નિરોગી કરીશું. આવો આશાવાદ પણ તેમણે વ્યકત કર્યો હતો. પ્રમુખ સ્વામીજીએ ચીધેલ રાહ પર સંતો અવિરત સમાજ અને રાષ્ટ્રની સેવા કરી રહ્યા છે. અને છેવાડાના માનવી સુધી જઈને તેના ઉત્કર્ષ વિશે પથપ્રદર્શન કરી રહ્યા છે. તે બદલ સંતો, હરિભક્તો અને બી. એ. પી. એસ સંસ્થા સાથે સંકળાયેલ સમગ્ર ટીમને તેમણે ધન્યવાદ પાઠવ્યા હતા.

વિશ્વ યોગ દિવસ નિમિત્તે યોજાયેલ ખાસ યોગ કાર્કગ્રમમાં શાળાની વિદ્યાર્થીનીઓ અને શાળા પરિવાર સહભાગી બન્યો હતો.

## મહાનગર ભાજપા દ્વારા યોગ નિષ્ણાંતોના સહયોગથી તમામ ૧૧ વોર્ડમાં યોગાભ્યાસ કાર્યક્રમ યોજાશે.

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આંતરરાષ્ટ્રીય યોગ દિનના અનુસંધાને તા. ૨૧ જુન ૨૦૨૨ના રોજ મહાનગર ભાજપા દ્વારા યોગ નિષ્ણાંતોના સહયોગથી તમામ ૧૧ વોર્ડમાં યોગાભ્યાસનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં સંગઠનના હોદ્દેદારો, ચૂંટાયેલા સભ્યો, કાર્યકર્તાઓ તેમજ સ્થાનિક નાગરિકો બહોળી સંખ્યામાં ભાગ લેશે. આપણે સૌ વિદિત છીએ કે ગુજરાતની ધરતીના પનોતા પુત્ર તેમજ દેશના લોકલાડીલા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સંયુક્ત રાષ્ટ્રમાં યોગ દિવસ અંગેના પ્રસ્તાવને ઐતિહાસિક સમર્થન મળતા યુએન દ્વારા દર વર્ષે ૨૧ જુનને આંતરરાષ્ટ્રીય યોગ દિન તરીકે ઉજવવાનું જાહેર કરવામાં આવ્યું છે જેના અનુસંધાને સમગ્ર વિશ્વ ૨૦૧૫ થી ૨૧ જૂનના રોજ યોગ દિવસ ઉજવે છે.

## તિરુવનંતપુરમના શ્રી પદ્મનાભસ્વામી મંદિરથી વિદેશ રાજ્ય મંત્રી વી. મુરલીધરન યોગ સમારોહમાં ભાગ લેશે

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસ: વિદેશ મંત્રી ડૉ એસ જયશંકર દિલ્હીના પુરાના કિલ્લા ખાતે યોગ કરશે

૨૦ જૂન, નવી દિલ્હી: કર્ણાટકની સાંસ્કૃતિક રાજધાની કહેવાતા મૈસૂરમાં ૨૧ જૂને યોજાનારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની તૈયારીઓ સંપૂર્ણ થઈ ચુકી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે કર્ણાટકના બે દિવસીય પ્રવાસે છે. આ દરમિયાન તેઓ બેંગ્લોરમાં આયોજિત કાર્યક્રમોમાં હાજરી આપીને સાંજે મૈસૂર પહોંચ્યા હતા. આ વખતે મૈસૂર પેલેસમાં જ આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો ભવ્ય કાર્યક્રમ યોજાનાર છે, જેમાં વડાપ્રધાન હાજરી આપશે.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે વિદેશ મંત્રી ડૉ એસ જયશંકર દિલ્હીના પુરાના કિલ્લા ખાતે યોગ કરતા જોવા મળશે. જ્યારે વિદેશ રાજ્ય મંત્રી વી. મુરલીધરન તિરુવનંતપુરમના શ્રી પદ્મનાભસ્વામી મંદિરથી યોગ સમારોહમાં ભાગ લેશે. તો આ તરફ વિદેશ રાજ્ય મંત્રી મીનાક્ષી લેખી અને ડૉ. રાજકુમાર રંજન સિંહ ક્રમશઃ વિવેકાનંદ રોક મેમોરિયલ, કન્યાકુમારી અને લોકટક લેક બિષ્ણુપુર, મણિપુરથી યોગ દિવસ કાર્યક્રમમાં હાજરી આપશે.

આપને જણાવી દઈએ કે ભારતની આઝાદીના ૭૫માં વર્ષ નિમિત્તે દેશ ×આઝાદી કા અમૃત મહોત્સવ×ની ઉજવણી કરી રહ્યો છે. તો આ વખતે ઈન્ટરનેશનલ યોગ ડે પર મોદી સરકારના ૭૫ મંત્રીઓ દેશના ૭૫ ઐતિહાસિક વિરાસત સ્થળો પરથી યોગ કરતા જોવા મળશે. કોવિડના સમયગાળા દરમિયાન યોગે

### વિદેશ રાજ્ય મંત્રી મીનાક્ષી લેખી અને ડૉ. રાજકુમાર રંજન સિંહ ક્રમશઃ વિવેકાનંદ રોક મેમોરિયલ, કન્યાકુમારી અને લોકટક લેક બિષ્ણુપુરથી યોગ દિવસના કાર્યક્રમમાં હાજરી આપશે.

દરેકને એકસૂત્રતામાં બાંધ્યા છે અને વિશ્વમાં એકતાની ભાવના જાગૃત થઈ છે. આથી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ૮મી આવૃત્તિ ×માનવતા માટે યોગ× થીમ પર ઉજવવામાં આવશે.

મૈસૂરમાં મુખ્ય કાર્યક્રમ ઉપરાંત વિદેશ મંત્રાલય દ્વારા 'ધ ગાર્ડિયન રિંગ' નામની નવીન અને અનોખી ઈવેન્ટનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેનો હેતુ ભારતના 'વસુધૈવ કુટુંબકમ'ના સંદેશને આગળ વધારવાનો છે. ગાર્ડિયન રિંગ કાર્યક્રમ દ્વારા સૂર્યની ગતિની ઉજવણી કરવામાં આવશે અને ×વન સન, વન અર્થ× ના ખ્યાલને રેખાંકિત કરવામાં આવશે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસે, પૂર્વથી પશ્ચિમ સુધી, તમામ દેશોના લોકો ભારતીય પરંપરાને ઉમંગ સાથે ઉજવતા યોગ સાથે સૂર્યનું સ્વાગત કરશે.

આમ તો વિદેશમાં ભારતીય મિશન દર વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે યોગને લગતી પ્રવૃત્તિઓનું આયોજન કરે છે, પરંતુ પહેલીવાર 'ગાર્ડિયન રિંગ' દ્વારા તેનું લાઈવ સ્ટ્રીમિંગ કરવામાં આવશે. ૨૧ જૂનના રોજ, ૮૦ થી વધુ ભારતીય મિશન અને દૂતાવાસ તેમના અધિકારક્ષેત્રના દેશોમાં મોટા પાયે યોગ કાર્યક્રમોનું આયોજન કરી રહ્યા છે.

આપને જણાવી દઈએ કે પૂર્વથી શરૂ થતા વિવિધ દેશોનું જીવંત પ્રસારણ ઉગતા સૂર્યની ભૂમિ જાપાનથી ભારતીય સમય અનુસાર સવારે ૩ વાગ્યાથી ધીમે ધીમે પશ્ચિમ તરફ આગળ વધશે. ડીડી ઈન્ડિયા દ્વારા વ્યાપક ટેકનોલાજીનો ઉપયોગ કરીને ભારતીય સમય અનુસાર સવારે ૩ વાગ્યા થી રાત્રે ૧૦ વાગ્યા સુધી વિશ્વના ૮૦ દેશોમાંથી લાઈવ યોગા કાર્યક્રમોનું પ્રસારણ કરશે.

# શંખેશ્વર મહાતીર્થે ખાતે CSC સંસ્કાર બાલ વિદ્યાલય ખુલ્લું મુકાયું



ઉત્તર ગુજરાતની ધન્યધરા પર આવેલ શંખેશ્વરના મહાતીર્થના પ્રાંગણે સૌપ્રથમવાર અંગ્રેજી મીડીયમ સ્કૂલ CSC ભારત સરકાર આઈ ટી વિભાગ દ્વારા અને જીજ્ઞા કોમ્પ્યુટર કલાસીસના નેજા હેઠળ સંસ્કાર બાલ વિદ્યાલયનો ભવ્યાતિભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ શુભારંભ પ્રસંગે સંસ્કાર બાલ વિદ્યાલયમાં અભ્યાસ કરતા ૬૦ જેટલા નાના નાના બાળકોને સ્કૂલ ડ્રેસ અને ચોપડાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. કર્મ વિરાંગના,સેવાભાવી જીજ્ઞાબેન શેઠ દ્વારા શંખેશ્વર ગામે છેલ્લા ૧૫ વર્ષમાં આ ગ્રામીણ વિસ્તારમાં ૧૭,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરનું જ્ઞાન આપ્યું છે.અને આ વિસ્તારના વિદ્યાર્થીઓને રાહત દરે કોમ્પ્યુટર કલાસીસની ટ્રેનિંગ આપેલ છે.જેમાં ઝજીઝ સેન્ટર તથા સ્કીલ ઈન્ડિયા સેન્ટર (જિલ્લા કક્ષાનું) શરૂ કરવામાં આવેલ છે.

આ ઉદ્દ્ઘાટન પ્રસંગે સેવાભાવી શ્રીમતિ નિતાબેન દોશી,CSC ના એસોસીએટ વાઈસ પ્રેસિડેન્ટ જયેશભાઈ ભાનુશાલી,CSC ના સિનિયર મેનેજર વિશાલભાઈ નાગર,રોહિતભાઈ પટેલ,

ભરતભાઈ શાહ,જીજ્ઞા કોમ્પ્યુટર કલાસીસના ચેરમેન શ્રીમતિ જીજ્ઞાબેન શેઠ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. નિખિલ જોશી પાટણ

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શનમાં ગુજરાતે શિક્ષણ ક્ષેત્રમાં આગવું પ્રદર્શન કર્યુ છે -: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

# એલ.ડી.કોલેજ ઓફ એન્જીનીયરીંગના ૭૫માં સ્થાપના દિન નિમિત્તે આયોજિત 'સમર્પણ' સમારોહમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિ



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે એલ.ડી.કોલેજ ઓફ એન્જીનીયરીંગના ૭૫માં સ્થાપના દિન પ્રસંગે જણાવ્યું કે, આજે દેશ આઝાદીના ૭૫ વર્ષ પૂરા થવા અવસરે અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે ત્યારે એલ.ડી કોલેજ પણ તેની સ્થાપનાના ૭૫ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી કરી રહી છે એ ગુજરાત અને દેશ માટે ગૌરવની વાત છે.

ગુજરાતની સૌથી જૂની એલ.ડી.કોલેજ ઓફ એન્જીનીયરીંગ તેના ૭૫ વર્ષ પૂરા થવા પ્રસંગે ડાયમંડ જ્યુબિલીની ઉજવણી કરી રહી છે. એલડીસીઈના સ્થાપના દિવસના સમારોહ 'સમર્પણ' માં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી અને મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર પણ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ એલ.ડી.કોલેજ ઓફ એન્જીનીયરીંગના સ્થાપનાના ૭૫ વર્ષ પૂર્ણ થવા બદલ એલ.ડી કોલેજ પરિવારને શુભકામનાઓ પાઠવી હતી. તેમણે કહ્યું હતું કે, એલ.ડી કોલેજનો અત્યાર સુધીનો ગ્રાફ આપણને ગૌરવની અનુભૂતિ કરાવે છે.

આ સમારંભમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિધાર્થીઓ સાથે હળવી શૈલીમાં પોતાની કોલેજકાળ દરમિયાનની યાદો પણ તાજી કરી હતી.

આ પ્રસંગે શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શનમાં ગુજરાતે શિક્ષણ ક્ષેત્રમાં આગવું પ્રદર્શન કર્યું છે અને ગુજરાતમાં શિક્ષણનો પાયો પણ ખૂબ મજબૂત બન્યો છે.

શ્રી નરેન્દ્રભાઇ મોદીએ યુવાનો શિક્ષણ ક્ષેત્રમાં ઉજ્જવળ કારકીર્દી ઘડે તે માટે સ્ટાર્ટ અપ યોજના ચાલુ કરી છે. યુવાનોમાં પડેલી શક્તિ પૈસાના અભાવથી પાછી ના પડવી જોઈએ તેવા ઉમદા હેતુથી શ્રી નરેન્દ્રભાઈ એ આ યોજના ચાલુ કરી છે. રાજ્ય સરકાર પણ યુવાનોને પ્રોત્સાહિત કરતી યોજનાઓ અન્વયે તમામ પ્રકારની મદદ કરવા કટિબદ્ધ છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

આ અવસરે સ્ટાર્ટ અપ યોજનાનો વધુમાં વધુ લાભ લઈને સમાજને મદદરૂપ થવાનું આહવાન પણ મુખ્યમંત્રીશ્રીએ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈએ આત્મનિર્ભર ભારત બનાવવાનો સંકલ્પ કર્યો છે ત્યારે આપણે આત્મનિર્ભર ગુજરાત થકી આત્મનિર્ભર ભારત બનાવવામાં આગળ વધીએ અને વિકાસની આ યાત્રામાં જોડાઈએ.

આ પ્રસંગે શિક્ષણમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ કહ્યું કે, આજે ઈતિહાસમાં એક નવી કેડી કંડારાઈ છે. દેશ જયારે આઝાદીનાં ૭૫ વર્ષની ઉજવણી કરી રહ્યો છે ત્યારે એલ.ડી.કોલેજ ઓફ એન્જીનીયરીંગના ૭૫ વર્ષ એ ગુજરાત અને દેશમાં એક સિદ્ધિ છે.

તેમણે કહ્યું કે એલ.ડી.કોલેજ ઓફ એન્જીનીયરીંગ આજે શિક્ષણ ક્ષેત્રમાં ખૂબ ઉત્કૃષ્ટ કામગીરી કરી રહી છે. 'જે છે એમાંથી શ્રેષ્ઠ શું કરી શકાય' એ આ કોલેજનો એક વિચાર રહ્યો છે અને એ વિચાર જ આ કોલેજને દિનપ્રતિદિન આગળ વધારી રહ્યો છે.

આજે એલડી એન્જિનિયરિંગ કોલેજમાં અભ્યાસ કરવો એક ગૌરવની વાત છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

શિક્ષણ મંત્રીએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા કહ્યું કે, તમે જે જ્ઞાન મેળવી રહ્યા છો એ જ્ઞાન સમાજના ઘડતરમાં ઉપયોગી થાય એવું દાયિત્વ તમારે નિભાવવાનું છે. શિક્ષણ મંત્રીએ એલ.ડી.કોલેજ ઓફ એન્જીનીયરીંગમાંથી પણ વધુમાં વધુ સ્ટાર્ટ અપ તૈયાર કરવાનું વિદ્યાર્થીઓને આહ્વાન કર્યું હતું.

આ અવસરે શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ એલ.ડી કોલેજ ઓફ એન્જીનીયરીંગને ૭૫ વર્ષ પૂર્ણ થવા અવસરે રોબોટિક ઓટોમેશન અને આર્ટીફિશયલ ઈન્ટેલિજન્સ મશીન લર્નિંગ એમ બે નવી ફેકલ્ટી ૨૦૨૨-૨૩ના વર્ષથી આપવાની જાહેરાત પણ કરી હતી.

એટલું જ નહિ, તેમણે એમ પણ જણાવ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં શિક્ષણ વિભાગે આ ઇજનેરી કોલેજને અગાઉ અદ્યતન લેબ માટે મંજૂર થયેલી રૂ. ૧૦ કરોડની ગ્રાન્ટ પૂનઃજીવિત કરી કોલેજને આપવાનું નક્કી કર્યુ છે.

આ અવસરે શ્રી સંજય લાલભાઈએ જણાવ્યું હતું કે, શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ અને શ્રી સારાભાઈ પરિવારે અમદાવાદમાં અસંખ્ય શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરીને અમદાવાદને વર્લ્ડ મેપ પર મૂક્યું છે.

વધુમાં તેમણે કહ્યું કે, આજે દુનિયાની વિશ્વ વિખ્યાત કંપનીઓમાં આપણા દેશના ઝઈ છે જે આપણા માટે ગૌરવરૂપ બાબત છે અને આ બધું ફક્ત સારા એજ્યુકેશનના કારણે જ શક્ય બન્યું છે. આપણી બધાની જવાબદારી છે કે, એલ.ડી કોલેજ પણ દુનિયાની અગ્રગણ્ય કોલેજમાં સ્થાન પામે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીના હસ્તે 'ન્ઢઝઈ કનેક્ટ' એપનું લોન્ચિંગ પણ કરવામાં આવ્યું હતું.

આ 'સમર્પણ' સમારંભમાં અરવિંદ મિલના એમ.ડી શ્રી સંજય લાલભાઈ, ધારાસભ્ય શ્રી વિવેક પટેલ, એલ.ડી કોલેજના પ્રિન્સિપાલ ડો. રાજુલ ગજ્જર, ટેક્નિકલ શિક્ષણ નિયામક શ્રી જી.ટી. પંડ્યા તથા તમામ ફેકલ્ટીઓ, પદ્મશ્રી એસ.એસ.રાઠોર, ભૂતપૂર્વ અને વર્તમાન વિધાર્થીઓ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતાં.

-સીએમપીઆરઓ/ અરૂણ...

# સાંદીપનિ વિદ્યા સંકુલ સાપુતારા ખાતે છાત્રાપર્ણ સમારોહ કાર્યક્રમ યોજાયો

આહવા તા : ૨૦ : ગિરિમથક સાપુતારા ખાતે આવેલા સાંદીપનિ વિદ્યા સંકુલ ખાતે ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઇ વાઘાણીએ સાયન્સ સેન્ટર અને સેન્ટ્રલ લાઈબ્રેરીનુ ઉદ્દ્ઘાટન કર્યુ હતુ.

શ્રી ભારતીય સંસ્કૃતિ સંવર્ધન ટ્રસ્ટ - પોરબંદર સંચાલિત, સાંદીપનિ વિદ્યા સંકુલ-સાપુતારા ખાતે આવેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામા અદ્યતન ટેકનોલોજી ધરાવનાર સાયન્સ સેન્ટર અને સેન્ટ્રલ લાયબ્રેરીના ઉદ્ઘાટન વેળા મંત્રીશ્રી સાથે પૂજ્ય શ્રી રમેશભાઈ ઓઝા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

સાંદીપનિ વિદ્યા સંકુલ સાપુતારા છાત્રાપર્ણ પ્રસંગે મંત્રી શ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, ડાંગ જેવા અંતરિયાળ વિસ્તારમા શિક્ષણ, સંસ્કાર અને સંસ્કૃતિની જાગૃતિ લાવવાનુ કામ, વિદ્યા સંકુલ દ્વારા કરવામા આવી રહ્યું છે. આ સંસ્થાઓ સરકારનુ કામ હળવુ કરી રહ્યા છે. આદિવાસી સમાજના વિદ્યાર્થીઓનુ જીવન ધોરણ આર્થિક અને શૈક્ષણિક રીતે ઊંચું આવે તે માટે આ સંસ્થાઓ પ્રયાસ કરી રહી છે. મંત્રીશ્રીએ ડાંગ જિલ્લાના પ્રખ્યાત ડાંગી નૃત્યને હિન્દૂ સંસ્કૃતિનુ પ્રતિક ગણાવ્યુ હતુ.

મંત્રીશ્રીએ સાંદીપનિ વિદ્યા સંકુલ સાપુતારાના ટ્રસ્ટીઓને શ્રેષ્ઠ કામગીરી બદલ અભિનંદન આપ્યા હતા. અહીં વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણ અને તમામ પ્રયાસની સુવિધાઓ આપવાનો પ્રયાસ કરવામા આવે છે. ગુજરાત સરકારની વિજ્ઞાન અને ઔધોગિક ક્ષેત્રની સિદ્ધિઓને વર્ણવતા મંત્રી શ્રી જીતુભાઇ વાઘાણીએ કહ્યુ હતુ કે, દુબઈ કરતા પણ સારી સુવિધાઓ ધરાવનાર સાયન્સ સીટી અમદાવાદ ખાતે તૈયાર કરવામા આવેલ છે. આ સાયન્સ સીટી એશિયાની હબ બની છે જ્યા વિદ્યાર્થીઓએ અચૂક મુલાકાત કરવી જોઈએ. સાંદીપનિ વિદ્યા સંકુલ ખાતે સાયન્સ સેન્ટર અને સેન્ટ્રલ લાઈબ્રેરીના છાત્રાપર્ણ કાર્યક્રમ પ્રસંગે, ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવીતે અભ્યર્થના વ્યક્ત કરી હતી કે, સાપુતારા સાંદીપનિ વિદ્યા સંકુલ જેવી અદ્યતન ટેકનોલોજી ધરાવનાર શાળાઓ ડાંગના દરેક વિસ્તારમા બને.

ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે આ પ્રસંગે અદ્યતન ટેકનોલોજીથી તૈયાર થયેલ સાયન્સ સેન્ટર માટે સંસ્થા, અને ટ્રસ્ટીઓને અભિનંદનનિ સાથે આભાર વ્યક્ત કર્યો હતો.

સાંદીપનિ વિદ્યા સંકુલ સાપુતારા છાત્રાપર્ણ કાર્યક્રમમા જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી એમ.સી.ભૂસારા, ડાંગ ભાજપ પાર્ટી પ્રમુખ શ્રી દશરથભાઈ પવાર, સાપુતારા હોટેલ એસોસિએશનના સેક્રેટરી શ્રી તુકારામ કરડીલે, શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નરેન્દ્ર પવાર,ડાંગ

# આજે ભારત બંધના એલાનને લઈને બનાસકાંઠા પોલીસ સતર્ક.

બનાસકાંઠા સમાચાર

કેન્દ્ર સરકાર દ્વારા આર્મીમાં "અગ્નિવીર" યોજના અમલમાં મુકાઈ છે. ત્યારે અગ્નિવીર યોજનાનો દેશભરમાં ભારે વિરોધ થઈ રહ્યો છે. દરમિયાન આજે વિવિધ સંગઠનો દ્વારા ભારત બંધનું એલાન આપવામાં આવ્યું છે. જેને લઈને બનાસકાંઠાપોલીસ સતર્ક માં આવી ગઈ હતી. બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા અક્ષયરાજએ જણાવ્યું હતું કે, આજે બંધના એલાનમાં જોડાઇ બજાર બંધ કરાવનાર કે જાહેર પરિવહન સેવા બંધ કરાવનાર કે સરકારી મિલકતને નુકસાન પહોંચાડનાર તત્વોને સાંખી નહિ લેવાય અને તેઓની સામે કાનૂની કાર્યવાહી હાથ ધરાશે. આજે જન જીવન રાબેતા મુજબ રહેશે અને બંધના એલાનમાં જોડાવવા દબાણ કરનાર તત્વો સામે પોલીસ પગલાં ભરશે તેવું એસ.પી.એ જણાવ્યું હતું. બનાસકાંઠા જિલ્લામાં આજે ડીવાએસપી અને પી આઈ કક્ષાના અધિકારી બંદોબસ્ત માં રહ્યા હતા. આજ સવાર થી જ પોલીસની અલગ અલગ ટીમો બનાવી પેટ્રોલિંગ કર્યુ હતુ. અને કડક બંદોબસ્ત સાથે તૈનાત રહી હતી. ત્યારે બળજબરી કરતા તમામ તત્વો પર કડક કાર્યવાહીની ચેતવણી આપતા એસ.પી.એ નાગરિકો માટે તમામ જાહેર સ્થળ અને કચેરીઓ ખુલ્લી રહેશે અને જન જીવન રાબેતા મુજબ ચાલુ રહે તેવા પોલીસના પ્રયાસો રહ્યા હતા.

## આજે ગાંધીનગર જિલ્લામાં વિશ્વ યોગ દિવસ નિમિત્તે

# અલગ –અલગ સ્થળો ખાતે અંદાજે દોઢ લાખ લોકો યોગ કાર્યક્રમમાં સહભાગી બનશે

### ગાંધીનગરના ઐતિહાસિક સ્થળ- અડાલજની વાવ, અંબાપુરની વાવ, કંથારપુરની વાવ અને રૂપાલ વરદાયનિ માતાજીના મંદિર ખાતે ખાસ યોગ કાર્યક્રમ યોજાશે.

ગાંધીનગરઃ સોમાવરઃ

આજે તા. ૨૧ જૂન,ને સમગ્ર વિશ્વમાં યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ યોગ દિવસની ઉજવણી નિમિત્તે ગાંધીનગર જિલ્લામાં આઠમા યોગ દિવસ સર્વે જિલ્લા વાસીઓની માનસપટ પર હમેશા યાદ રહે તે માટે ઐતિહાસિક સ્થળો ખાતે યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અડાલજની વાવ, અંબાપુરની વાવ, કંથારપુરનો વડ અને રૂપાલ ગામના વરદાયિની માતાજી મંદિર ખાતે ખાસ યોગ કાર્યક્રમ યોજાશે.

માન. વડાપ્રધાનશ્રીના અથાગ પ્રયત્નોથી સંયુક્તરાષ્ટ્રસંઘદ્વારા ૨૧ જુનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે જાહેર કરેલ છે. વર્તમાન સમયમાં લોકો જીવનશૈલીના લીધે ડાયાબીટીસ, હાઇ બીપી, શ્વાસ, એલર્જી, હ્રદય રોગ જેવા શારીરિક રોગો તેમજ હતાશા અને તણાવ જેવા માનસિક રોગોનો વધારે ભોગ બની રહ્યા છે ત્યારે ભારતીય યોગ પદ્ધતિ જીવનશૈલીનો એક ભાગ બને અને જીવન સાથે વણાઇ જાય તે જરૂરી છે. યોગ ભારતીય શાસ્ત્ર છે જેના નિરંતર અભ્યાસ દ્વારા સ્વસ્થ જીવન જીવી શકાય છે અને ઘણા બધા રોગોને થતા અટકાવી શકાય છે તથા નિયંત્રણમાં રાખી શકાય છે તેમજ પ્રાણાયામ અને ધ્યાન થી માનસિક શાંતિ અને હકારાત્મકતા વધે છે જેની અસરથી રોગપ્રતિકારક શક્તિ પણ વધતી હોય છે. આ વખતના યોગદિવસની મુખ્યથીમ ×માનવતા માટે યોગ× રાખવામા આવેલ છે. ૨૧ જુનને સંયુક્ત રાષ્ટ્રસંઘે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે વર્ષ૨૦૧૫ મા જાહેર કરેલ છે ત્યારે આપણે પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગદિનની ઉજવણી કરેલહતી. આવર્ષે પણ આપણે આઠમા આંતરરાષ્ટ્રીય યોગદિન માટે જિલ્લા કક્ષાની ઉજવણી કન્વેન્શન હોલ ત્રિમંદિર અડાલજ ખાતે કરવામાં આવનારછે. ગાંધીનગર જિલ્લામાં જુદા જુદા સ્થળે મળીને ૧,૫ ૦,૦૦૦ લોકોએક સમયે યોગ કરશે તથા જિલ્લાના મુખ્ય કાર્યક્રમમાં ત્રિમંદિર ખાતે ૪૦૦૦ લોકો યોગ કરશે

## કેન્દ્રીય નાણાં રાજ્યમંત્રીશ્રી ભાગવત કિશન રાવ કરાડની પ્રેરક ઉપસ્થિતિ

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર ભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજયકક્ષાની ઉજવણી સાબરમતી રીવરફ્રન્ટ ખાતે થશે

વિશ્વભરમાં દર વર્ષે ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે સમગ્ર વિશ્વ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 'માનવતા માટે યોગ' (Yoga for Humanity)ની થીમ પર ઉજવવાનું નક્કી કરાયું છે. રાજ્ય સરકાર દ્વારા પણ રાજયભરમાં યોગદિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજયકક્ષાની ઉજવણી અમદાવાદના સાબરમતી રીવરફ્રન્ટ ખાતે થશે, જેમાં કેન્દ્રીય નાણાં રાજયમંત્રી શ્રી ભાગવત કિશનરાવ કરાડ અને રાજયના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી શ્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિતિ રહેશે. સવારે ૬.૦૦ કલાકે યોજાનાર આ કાર્યક્રમમાં ૭૫૦૦થી વધુ લોકો સહભાગી થશે. મુખ્યમંત્રી શ્રી સવારે ૬.૩૦ કલાકે રાજયના નાગરિકોને વર્ચ્યુઅલી સંબોધશે જેનુ જીવંત પ્રસારણ જિલ્લા કક્ષાના કાર્યક્રમોમાં કરાશે.

દેશભરમાં ઉજવાઈ રહેલા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અંતર્ગત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સવારે ૬.૪૦ કલાકે દિલ્હીથી વર્ચ્યુઅલી દેશવાસીઓને સંબોધશે, જેનુ પણ જીવંત પ્રસારણ રાજયભરમાં યોજાનાર કાર્યક્રમોમાં કરાશે.

સમગ્ર દેશમાં આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી થઈ રહી છે ત્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સુદ્રઢ માર્ગદર્શન અને રમતગમત મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના આયોજન હેઠળ રાજયના ધાર્મિક, પ્રવાસન, ઐતિહાસિક તથા શૈક્ષણિક મહત્વ અને કુદરતી સૌંદર્ય ધરાવતા ૭૫ આઇકોનિક સ્થળો જેવા કે સાબરમતી રિવરફ્રન્ટ, સ્ટેચ્યૂ ઓફ યુનિટી, કચ્છનું સફેદ રણ તથા મોઢેરા સૂર્યમંદિર જેવા સ્થળોએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. રાજયના ૩૩ જિલ્લાઓના જે ૭૫ સ્થળોની પસંદગી કરાઈ છે તેમાં ૧૮ જેટલાં ઐતહાસિક સ્થળો, ૧૭ જેટલાં ધાર્મિક સ્થળો, ૨૨ જેટલાં પ્રવાસન સ્થળો, ૧૭ જેટલાં કુદરતી સ્થળો અને એક શૈક્ષણિક સ્થળની પસંદગી કરવામાં આવી છે. આખું વિશ્વ વિશાળ જનભાગીદારી સાથે યોગ દિવસની ઉજવણી કરવાનું છે ત્યારે ગુજરાતના સવા કરોડ નાગરિકો 'યોગમય ગુજરાત' અભિયાનમાં સહભાગી થશે. રાજયભરમાં યોજાનાર આ કાર્યક્રમોમાં રાજયમંત્રી મંડળનાસભ્યો, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ સહિત પદાધિકારીઓ અને અનેક મહાનુભાવો પણ સહભાગી થશે.

રાજયના દરેક ગામ, તાલુકા, શહેર, જિલ્લા, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓની સાથો સાથ શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ, આરોગ્ય કેન્દ્રો, પોલીસ હેડ ક્વાર્ટર, રાજયની જેલો તથા તમામ જાહેર સ્થળોએ વિશાળ સંખ્યામાં નાગરિકો ભેગા મળી યોગ કરી સ્વસ્થ રાષ્ટ્રના નિર્માણમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપશે.

દિલીપગજજર

# પાટણ શહેરના રિક્ષા ચાલકોનો ગાંધીબાગ ખાતે સ્નેહ મિલન સમારોહ યોજાયો

ગુજરાત પ્રદેશ ભાજપના પૂર્વ મહામંત્રી કે સી પટેલ સહિતના મહાનુભાવો ની ઉપસ્થિતિ વચ્ચે રવિવારના રોજ શહેરના ગાંધીબાગ ખાતે પાટણ રિક્ષાચાલક ભાઈઓનો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો હતો.

પાટણ શહેરમાં ઓટો રિક્ષા નાં વ્યવસાય સાથે સંકળાયેલા રિક્ષા ચાલકો પણ પરિવારની ભાવના સાથે હળી મળીને પોતાનો ધંધો રોજગાર ચલાવતા હોય છે ત્યારે રિક્ષા ચાલકો દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ પરિવારની ભાવના કાયમ જળવાઈ રહે તેવા ઉદ્દેશથી રવીવાર નાં રોજ સ્નેહ મિલન કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હોવાનું રિક્ષા ચાલકો એ જણાવ્યું હતું.



રિક્ષા ચાલકો નાં સ્નેહ મિલન કાર્યક્રમ માં ઉપસ્થિત રહેલા ગુજરાત પ્રદેશ ભાજપના પૂર્વ મહામંત્રી કે સી પટેલે રિક્ષા ચાલકો ને કોઈ પણ પ્રકારની તકલીફો હોય તેના નિરાકરણ માટે હૈયાધારણા આપી રિક્ષા ચાલકોની એક્તા ને સરાહનીય લેખાવી શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે પાટણ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ હેમંત તન્ના, શહેર ભાજપ પ્રમુખ કિશોર મહેશ્ર્વરી,સતિષ ઠક્કર,ગૌરવ મોદી સહિત આગેવાનો તેમજ રિક્ષા ચાલકો ઉપસ્થિત રહ્યા હતા.રિપોટ : જોશી પાટણ બ્યુરો સમચાર

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસની અનોખી ઉજવણી

સ્મિત ફાઉન્ડેશન અને નીતા and કીર્તિ હેલ્થકેર દ્વારા અમદાવાદના રીવરફ્રન્ટ વિસ્તારમાં ઈન્ટરનેશનલ યોગ દિવસ ઉજવવામાં આવ્યો. આપણે જાણીએ છીએ કે ૨૭ સપ્ટેમ્બર ૨૦૧૪ ના રોજ આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંયુકત રાષ્ટ્ર ના અધિવેશનમા આંતરરાષ્ટ્રીય સ્તરે યોગ દિવસની ઉજવણીનો પ્રસ્તાવ મૂકયો હતો. બાર મહિના નો સૌથી લાંબો દિવસ ૨૧ જૂન હોવાથી પ્રધાનમંત્રીશ્રી એ દિવસને આતરરાષ્ટીય યોગ દિવસ તરીકે મનાવવાનુ સૂચન કયુ હતુ..

આ બાબતે સંયુકત રાષ્ટ્ર દ્વારા ઢરાવ પસાર કરવામા આવ્યો અને દુનિયાના મોટા ભાગના દેશોએ સહમતી દર્શાવી. વર્ષ ૨૦૧૫ થી ૨૧ જુનના દિવસને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવા માં આવે છે આજે આપના વડાપ્રધાન સાહેબ ની માતાના પણ ૧૦૦ વર્ષ થયા હોવાથી અને તેમને લોકોને જીવ વું કેવી રીતે તે શીખવ્યું છે તેથી યોગ મનુષ્ય જીવનમાં શારીરિક-માનસિક સ્વાસ્થને જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે બાળકોને ધરા શાહ દ્વારા સુર્યનમસ્કાર સાથે વિવિધ પ્રાણાયામ જેવા કે અનુલોમ-વિલોમ



પ્રાણાયામ, કપાલભાતી પ્રાણાયામ, અગ્નીસરા પ્રાણાયામ, ચનદ્રંગા અને સુરયંગા ભસ્રિકા પ્રાણાયામ, ઊજજાયી પ્રાણાયામ, સુર્યભેદન પ્રાણાયામ, ભ્રામર પ્રાણાયામ, ત્રીબંધા પ્રાણાયામ, શીતકારી- શીતાલી પ્રાણાયામ નાડીસુધ્ધા પ્રાણાયામ શીખવવા માં આવ્યા હતા, અહિયાં બાળકોને નાસ્તો અને હેલ્થી જ્યુસ આપવામાં આવ્યો હતો, અહિયાં બાળકોએ ઉત્સાહ ભેર ભાગ લઈ કાર્યક્રમ સફળ બનાવ્યો હતા.

અહિયાં મહેમાનશ્રી.L.T કર્નલ અમિત શર્મા સર અને સ્મિત ફોઉંન્ડેશાનના ફાઉન્ડર જીત પારેખ,કિંજલ ગોખલે તથા નીતા એન્ડ કીર્તિ હેલ્થ કેર મેમ્બર ધરા શાહ અને ચિરાગ પટેલની ટીમ ઉપસ્થિત રહી યોગ સીખ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.